મારી આ નવી સમજનું (તર્કનું) જોડાણમેં મારી શિક્ષણ આપવાની પધ્ધતિ સાથે કર્યું અને મને સમજાયું કે દરેક વિદ્યાર્થીને સમાન, લોકશાહીયુક્ત અને વાદ- સંવાદવાળું શૈક્ષણિક વાતાવરણ મળે તે જરૂરી છે.એક શિક્ષક તરીકે હું દ્રઢપણે માનતી થઇ કે સમાનતા અને ન્યાયસંગતતા એ શિક્ષણના આવશ્યક મુલ્યો છે.આ મુલ્યોનાં વિકાસદ્વારા નાના બાળકોને આત્મનિર્ભર પેઢીનું નિર્માણ કરવા સક્ષમ બનાવી શકાય. તે જ સમયે મને એ વાત પણ સમજાઈ કે મારા મુલ્યોને મારી શૈક્ષણિક પ્રેકટીસમાં વણી લેવા એ સારી બાબત છે પરંતુ સમાજમાં પરિવર્તન લાવવા માટે એટલું જ પુરતું નથી.

૨૦૧૫ના વર્ષમાં પેહલીવાર મને મારા મુલ્યો અને પ્રેકટીસ વચ્ચે વિરોધાભાસ અનુભવાયો. શાળામાં મને ફાળવાયેલા ધોરણના વર્ગખંડમાં તો મેં લોકશાહીયુક્ત – વાદ સંવાદ સભર અધ્યયન અધ્યાપન પ્રક્રિયાઓ વાળા વાતાવરણની સગવડ પૂરી પડી હતી, પણ આખી શાળામાં આવું વાતાવરણ ન હતું. શાળાના બીજા વિદ્યાર્થીઓ(Parekh, 2008, pg. 38),જે મારા વર્ગખંડમાં અભ્યાસ નહોતા કરતા તે વિદ્યાર્થીઓ વાદ-સંવાદ વિરોધી બેન્કિગ શિક્ષણ(Freire, 1970, p.51) પદ્ધતિનો શિકાર હતા.આ બાબત મારા શિક્ષણમાં સમાનતાના મૂલ્યોથી વિરોધાભાસી હતી. 'How can I improve my practice?', આ પ્રશ્ન પર રીફ્લેકટ કરતી વખતે મને મારા 'હું' ને 'અમે' સુધી વિસ્તારવાની જરૂર જણાઈ.

રીફ્લેકટીવ પ્રેકટીસે મને મારી શૈક્ષણિક પ્રેકટીસમાં અનુભવાતા મુલ્યો સાથેના વિરોધાભાસનું ખંડન કરવાની પ્રેરણા આપી(Whitehead, 2009).તેમ છતા હું મારી જાતને સતત એક લિવિંગ કોન્ટ્રાડીકશન તરીકે અનુભવતી રહી અને મને સમજાયુંકે સમાજમાં રહીને સમાજને પ્રભાવિત કર્યા વગર તમે એકલાજ તમારા મુલ્યોને જીવો તે અશક્ય છે.

## શુભ શરૂઆત(Where it all began)

હું વર્ષ ૨૦૦૮થી જ લવાડ પ્રાથમિક શાળા, ભારતમાં એક શિક્ષક(Parekh, 2008, p.30)તરીકે સક્રિય રીતે રીફ્લેકટીવ પ્રેક્ટિસસમાં (Ghaye and Ghaye, 1998, p.285) પરોવાયેલી હતી.નાટક દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ(LSTD) અને રીફ્લેકટીવ પ્રેકટીસના સંયોજને મારા શિક્ષણને સર્જનાત્મક, રસપ્રદ અને અર્થસભર બનાવ્યું.મેં લોકશાહી વાતાવરણ વાળા એક વર્ગખંડનું નિર્માણ કર્યું. તે ઉપરાંત વાદ- સંવાદયુક્ત શીખવા શીખવવાની પ્રક્રિયાની શરૂઆત કરી. જેમાં મારા વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની છૂટ મળતી(Parekh, 2008, pg 32-33).વિદ્યાર્થીઓ દ્વારા પુછાતા પ્રશ્નો પરના મારા રીફ્લેક્શને મારી લિવિંગ એજ્યુકેશનથિયરીને મજબુત બનાવી અને તેજ બાબતે મારા તેમજ મારા વિદ્યાર્થીઓના શિક્ષણની પ્રક્રિયા પર ઊંડો પ્રભાવ પાડ્યો(Whitehead, 2009).

"મારો મિત્ર જે બીજા વર્ગમાં ભણે છે તેને આપણી જેમ મજા કરતા કરતા ભણવું હોય તો શું કરવાનું?" આવો પ્રશ્ન જ્યારે મને મારા વિદ્યાર્થી દ્વારા મારા વર્ગખંડમાં પૂછ્યો ત્યારે મેં મારી જાતને લિવિંગ કોન્ટ્રાડીકશનની પરીસ્થિતિમાં ઉભેલી અનુભવી.મને સમજાયુંકે હું 'મારા મુલ્યોને મારી પ્રેકટીસમાં અમલ કરતી નહોતી' ((Whitehead, 2018).મને સમજાયું કે મેં શિક્ષણની પ્રક્રિયામાં થતા સુધારાઓને મારા વર્ગખંડને સીમાઓ સુધી માર્યાદિત કરીને રાખ્યા હતા.આ મર્યાદા મારા "મારી શાળામાં દરેક બાળકને એક સરખું શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થવું જોઈએ" એ મૂલ્યને વિરોધાભાસી બાબત હતી.

મારી શૈક્ષણિક પ્રેકટીસ પરની મારી રીફ્લેકશનની આદતે મારા શિક્ષણમાં પરિવર્તન આણ્યું અને સમગ્ર શાળાના શૈક્ષણિક વાતાવરણને અસરકારક બને તે દિશામાં વળાંક આપ્યો.આ વળાંકે મને મારી શૈક્ષણિક પ્રક્રિયાઓમાં વધારે શોધખોળ અને સંશોધન કરવા માટે પ્રોત્સાહન

આપ્યું.મેં મારી વર્ગખંડની મર્યાદાઓને ઓળંગી આ દિશામાં વધુ કામ કરવા માટે બીજા સાથી શિક્ષકોનો સંપર્ક સાધ્યો.મેં સાથી શિક્ષકોને તેમની શિક્ષણની પદ્ધતિઓમાં બદલાવ લાવવા સમજાવ્યા જેથી તેમના વર્ગખંડના વિદ્યાર્થીઓ સંવેદના રહિત વિષય શિક્ષણની પીડાથી બચી શકે(Ramachandran, (2018a).મારી આવી હકારાત્મક વાદ-સંવાદની શરૂઆતથી મારા સાથી શિક્ષકો સાથેના મારા અંગત સંબધો વધારે મજબુત થયા. આ વાદ-સંવાદ અને પરિવર્તનના ચોક્કસ સમયગાળા દરમ્યાન 'રીફ્લેક્શનની સંસ્કૃતિનું' નિર્માણ કરવાનો વિચાર મારા મનમાં જબક્યો. મારી પોતાની અને મારા જેવી બીજી ઘણી જિંદગીઓને સુધારી વધારે સારી બનાવવાની મારી ઝંખનામાંથી 'રીફ્લેક્શનની સંસ્કૃત્તિનું' નિર્માણ કરવાના વિચારની પ્રેરણા મને મળી(Whitehead and Huxtable, 2013, p.1).

Culture- સંસ્કૃત્તિનો (Oxford Online Dictionary, 2020) મતલબ,'કોઈ ચોક્કસ પ્રકારના લોકોનાં જૂથની જીવન જીવવાની રીત, ખાસ કરીને સમાન્ય રીત રિવાજો અને માન્યતાઓ'.રીફ્લેક્શનની સામાન્ય વ્યાખ્યા એટલે, પોતાની જાતના વ્યકતિગત વિચારો અને ક્રિયાઓને- આલોચનાત્મક અને પુનરાવર્તિત ક્રિયા પ્રતિક્રીયા દ્વારા 'સ્વ' સાથે જોડાવાની પ્રક્રિયા(Nguyen, 2015).આમ મારા મત મુજબ ' રીફ્લેક્શનની સંસ્કૃતિ' એટેલે- 'પોતાના વિચારો અને ક્રિયાઓ સાથે પ્રમાણિક અને જટિલ એવી વાદ-સંવાદની ક્રિયા પ્રતિક્રિયાઓ દ્વારા પોતાના જીવનનો ધ્યેય અને સિદ્ધાંતો નક્કી કરતુ ચોક્કસ પ્રકારના લોકોનું જૂથ'.

## આગળ વધીએ!....(Moving on)

એપ્રિલ ૨૦૧૫માં, મને આજ શાળામાં આચાર્ય બનવાની તક મળી અને તે મેં સ્વીકારી લીધી.હું દ્રઢપણે માનું છું કે રીફ્લેકટીવ પ્રેક્ટીસે મને ચાઈલ્ડ ફ્રેન્ડલી શિક્ષકમાં પરિવર્તિત કરી છે.આ જ પ્રમાણે મારી અદમ્ય ઝંખના હતી કે હું મારા સાથી શિક્ષકોને રેફ્લેકટીવ પ્રેક્ટીસ કરવા માટે પ્રભાવિત કરું જેથી હું ચાઈલ્ડ ફ્રેન્ડલી શાળાનું નિર્માણ કરૂં. મારી આ ઈચ્છા પૂરી કરવા માટે મારે ચાર પ્રકારના ક્ષેત્રોમાં કામ કરવું પડે તેમ હતું.

- સરકારની શૈક્ષણિક વ્યવસ્થાઓ
- શાળાના શિક્ષકો
- વાલીગણ
- શાળાના વિદ્યાર્થીઓ

આ ચાર ક્ષેત્રો મારા માટે ખૂબ વિશાળ હતા; મને અહેસાસ થયોકે આ ચારે ક્ષેત્રોમાં એકસાથે કામ કરવું અસંભવ છે.મને આ ચાર ક્ષેત્રોમાં એકસાથે કામ કરવાનું મારું સપનું એક કાલ્પનિક ઊંચા વિશાળ પહાડ પર ચડવા જેવું કપરું લાગ્યું અને મારી હિંમત ડગી ગઈ.જોકે મેં ડર્યા વગર વિન્ફ્રેના (Winfrey) વિચાર(Farfan.2019) જે કે છે કે

'the key to realizing a dream is to focus not on success but on significance — and then even the small steps and little victories along your path will take on greater meaning.'(સ્વપ્નું સાકાર કરવાની ચાવી સફળતા પર નહિ પરંતુ મહત્વની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવવામાં છે. અને તે પછી નાના નાના ડગલાઓ ભરી નાની નાની જીત મેળવી મોટી અર્થસભર સફળતા તરફનો રસ્તો કંડારવામાં છે.)

જેથી મેં તેને અનુસરવાનું નક્કી કર્યું. આમ મેં સૌ પ્રથમ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે આ દિશામાં કામ કરવાનું નક્કી કર્યું.

મેં કેટલીક બાબતો પર વિશ્લેષણ કર્યું જેમકે શિક્ષકો કેટલીક સમસ્યાઓને હલ કરવામાં સંઘર્ષ અનુભવતા હતા,જેવીકે વિદ્યાર્થી નામાંકન અને શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનો ગુણોત્તર,મૂલ્ય આધારિત શૈક્ષણિક પ્રક્રિયાનો અભાવ,જીવન કૌશલ્ય શિક્ષણ અને બીજું ઘણુંબધું જેનો ઉલ્લેખ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬(NEP,1986)માં કરેલો છે. શિક્ષકો વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસ અને શૈક્ષણિક પ્રગતિની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વિદ્યાર્થીની કાગળ પરની પ્રગતિનો ડેટા સંગ્રહ કરવામાં અત્યંત વ્યસ્ત હતા.રૂઢિગત શૈક્ષણિક પ્રક્રિયાઓના અમલીકરણ દ્વારા રાષ્ટ્રિય શિક્ષણ નીતિના માપદંડોને પહોંચી વળવામાં શિક્ષકો સંઘર્ષ અનુભવતા (Parekh,2008, pg.33).આપેલી સમયમર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવોએ શિક્ષકો માટે માથાના દુખાવા જેવું કામ હતું,બાળકોની શીખવાની પ્રક્રિયાનું અને શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન એ માત્ર કાગળ પરની ઔપચારિકતા બની ગઈ હતી. આ જ રીતે વિદ્યાર્થીઓ પણ વાદ સંવાદ વિનાની માત્ર માહિતીનો સંગ્રહ કરાવતી બેન્કિંગ શૈક્ષણિક પ્રક્રિયાઓ (anti –dialogical banking education) અને પધ્ધતિઓથી પીડાતા હતા.બેન્કિંગ એજ્યુકેશન પધ્ધતિના

કારણે વિદ્યાર્થીઓ તેમના પુસ્તકીય શિક્ષણ અને તેમની સામાજિક-વ્યવહારિક જીવનશૈલી વચ્ચેનું સંતુલન જાળવવાનો જેટલો પ્રયત્ન કરતા તેટલા તેઓ વધારે સંવેદનશીલ પરિસ્થિતિમાં મૂકાઈ જતા.

આ બધી અંધાધુંધીની વચ્ચે મેં મારા કાળજી,પ્રેમ,ન્યાય, અને સમાનતા જેવા મુલ્યોમાં વિરોધાભાસનો અનુભવ કર્યો. દરેક વિદ્યાર્થીની સંભાળ તેના શિક્ષક દ્વારા ધ્યાનથી લેવાય એ દરેક વિદ્યાર્થીનો હક છે.વિદ્યાર્થીઓની ભણવાની પ્રક્રિયાઓમાં શિક્ષકો પ્રત્યક્ષ રસ દાખવે તે અગત્યનું છે. હું માનું છું કે જ્યારે શિક્ષકો તેમના વિષયવસ્તુની બાબતમાં ઊંડું ખેડાણ કરે છે ત્યારે તેઓ તેમના વિદ્યાર્થીઓ માટે રૂઢિગત શૈક્ષણિક પદ્ધતિઓનું ખંડન કરી તેમની શૈક્ષણિક પ્રક્રિયાને વધુ રસપ્રદ અને સુસંગત બંનાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરે છે(Rawal, 2006).પરંતુ શિક્ષકો અસરકારક શિક્ષણ પ્રક્રિયામાં અવરોધ બનતી સમસ્યાઓને હલ કરવા તેમજ પરિસ્થિતિઓને બદલવા માટે તેનો યોગ્ય ઉકેલ શોધવાને બદલે ફરિયાદ કરવાની આદતમાં ફસાઈ ગયા હતા.હું માનું છું કે શિક્ષકો આવું પોતાની જવાબદારીમાંથી છટકી જવા માટે કરતા હતા(Mehra, Bali, and Arora, 2012).તેઓએ સરકારી શિક્ષણ પ્રશાસન આવા કામ કરાવા માટે ખૂબ દબાણ કરે છે તેવી ફરિયાદો કરવાની શરુ કરી હતી.આપેલ ચોક્કસ સમય મર્યાદામાં અભ્યાસક્રમ પુરા કરવાના દબાણ હેઠળ શિક્ષકો તેમની મૂળભૂત જવાબદારી 'અસરકારક શિક્ષણ કાર્ય' તરફ પોતે શા કારણથી બેદરકાર થઇ ગયા છે તેનું કારણ સમજી શકવા સક્ષમ ન હતા.

## શીખવું કેવી રીતે તેનું શિક્ષણ - Learning how to Learn

દરેક સમસ્યાનો હલહોય જ છે.પરંતુતે હલ શોધવા માટે સર્જનાત્મક વલણ અપનાવવું પડે છે.આ સ્વપ્રમાણિત સિધ્ધાંત છેકે , 'જો તમારા હાથમાં હથોડો હોય તો બાકીનું બધું તમને ખીલ્લી જેવુંજ દેખાય છે['if all you have is a hammer, everything looks like a nail' ] (Marlow, 1966, Tweeted by Rawal, 2020) . આ કેહવત અહી બરાબર બંધ બેસે છે.અહી મને ધ્યાનમાં આવ્યુકે વિદ્યાર્થીના નબળા શૈક્ષણિક દેખાવ માટે શિક્ષણપ્રશાશન, શિક્ષકો અને વાલીગણ બધાજ એકબીજા પર આરોપ ઢોળ્યા કરે છે. કોઈને સમસ્યાનું સમાધાન શોધવામાં રસ નથી. બાળકો પોતેજ પોતાની જાત સાથે મુંજવણ અનુભવે છે.આ ઉપરાંત આખી શિક્ષણ પ્રક્રિયામાં બાળકોને તેમની મુંજવણ, સમસ્યાઓ અને સંવેદનશીલ અનુભવો રજુ કરવા માટે કોઈ જગ્યાજ નથી. મેં આ આખી પરિસ્થિતિની સમીક્ષા કરવા અને તેના પર રીફ્લેકટ કરવા LEARN (Table 1) પ્રવિધિનો ઉપયોગ કર્યો.(Table 1) LEARN: guidelines for reflection (CNO, 1996 in Rawal, 2006, p.79)

- Look back; play the experience back in your mind(પાછા વળીને જુઓ- આખા અનુભવને ફરીથી તમારા મગજમાં ભજવો)
- Elaborate and describe the experience in writing(અનુભવને વિસ્તૃતમાં લખીને વર્ણવો)
- Analyze why things occurred as they did(આખી ઘટનાનું વીશ્લેષણ કરો અને તે આ જ રીતે કેમ ઘટી તેનું તારણ કાઢો)
- Revise your plan for a future similar situation(તેના આધારે ભવિષ્યમાં આવીજ સમાનપરિસ્થિતિનો સામનો કરવા તમારી યોજનામાં ફેરફાર કરો)
- New trial; implement your revised plan(નવો પ્રયત્ન: તમારી નવી સુધારેલી યોજનાને અમલમાં મુકો)

આ 'LEARN'ની આખી પ્રક્રિયામાંથી પસાર થતા મને ખબર પડીકે આ બધીજ સમસ્યાઓએ ધીરે ધીરે 'ફરિયાદની સંસ્કૃતિનું' નિર્માણ કર્યું છે.એક જીવન કૌશલ્ય શિક્ષણના વ્યવસાયી હોવાના નાતે મને લાગ્યુંકે મારે મારા સાથી શિક્ષકોને તેમનાં સમસ્યા ઉકેલ અને નિર્ણયાત્મક શક્તિ આ બે જીવન કૌશલ્યોને વધારે વિકસાવવામાં મદદ કરવી જોઈએ.મને લાગ્યુકે 'ફરિયાદની સંસ્કૃતિ'ને 'રીફ્લેક્શનની સંસ્કૃતિ' તરફ પરિવર્તિત કરવા માટેનું આ પ્રથમ પગથીયું હોઇ શકે.

## The teacher as a learner (શિક્ષક એક શીખનારની ભૂમિકામાં)

હુ માનું છુ કે શિક્ષકો જો શિક્ષકો તેમના વ્યવસાય પર રીફ્લેકટ કરવાનું શરુ કરે તો તેઓ તેમની જાતને એક શીખનારની ભૂમિકામાં પરિવર્તિત કરી શકે.આ પરિવર્તન વ્યક્તિને પરિસ્થિતિનું સ્પષ્ટ ચિત્ર જોવા માટે સક્ષમ બનાવે છે.મને મારા 'રીફ્લેક્શનની સંસ્કૃતિ'ના વિચાર ઉપર ખૂબ વિશ્વાસ હતો, કારણકે એક રીફ્લેકટીવ શિક્ષક માત્ર માહિતી સભર શિક્ષણની પ્રાથમિક સીમાઓ અને ચિંતાને ઓળંગીને આગળ વધે છે.તે શિક્ષકોને માત્ર માહિતી આપવા કરતા 'કેમ', 'કેવીરીતે', 'શું કામ?' જેવા પ્રશ્નો પૂછવામાં વધારે રસ હોય છે.તેઓ પોતાની જાતને માહિતી અને વ્યવસ્થાપનની તકનીકી સુધી સીમિતના રહી જાય પરંતુ વ્યાપક પરિપેક્ષ્યમાં શિક્ષણના હેતુઓનો એક ભાગ બને તેનું ધ્યાન રાખે છે. 'શું' અને 'કેમ' જેવા પ્રશ્નો વ્યક્તિગત શિક્ષણની પ્રક્રિયાને ચોક્કસ પ્રકારની શક્તિ આપે છે જેના પરિણામે શિક્ષકના કાર્ય અને વ્યવસાયમાં સ્વાયત્તા અને જવાબદારી જેવા ગુણોનો વિકાસ થાય છે(Lieberman and Miller, 2000, p.21). "હું શિક્ષકોને કેવી રીતે ભણાવીશ?" એ મારા માટે સૌથી અઘરો પ્રશ્ન હતો.

> જ્ઞાનની આપ લે કરવી એ બાબત 'લોકોને વસ્તુ આપવી અને તેના બદલામાં તેમની પાસેથી કોઈ વસ્તુ લેવી એવી સહેલી વાત નથી.આ માત્ર માહિતીની આપ લે કરવાની બાબત માટે શક્ય બને,જ્ઞાનની નહિ.ખરા અર્થમાં જ્ઞાનની આપ લે ત્યારેજ થઇ શકે જયારે જૂથના દરેક વ્યક્તિને એકબીજાને મદદ કરી કાર્ય કરવાની નવી ક્ષમતાઓ વિકસાવવામાં રસ હોય;આ આખી પ્રક્રિયા શીખવા શીખવાની પ્રક્રિયા પર આધારીત છે (Senge, 1999, p.1).

આખી વાતમાં પ્રશ્ન એ હતોકે જે બાબતો મને સમસ્યા તરીકે દેખાતી હતી,મારા સાથી શિક્ષકોને તે સમસ્યા દેખાતી જ નહોતી.

જો હું સમસ્યાને અનુભવું તો જ હું તેનું સમાધાન શોધવાનો પ્રયત્ન કરું પરંતુ મારા સાથીદારોને તે સમસ્યાઓ અનુભવાતી જ નહોતી. મારા સાથી શિક્ષકો તેમના વ્યવસાય ઉપર રીફ્લેકશન કરવા માટે સક્ષમ નહોતા કે ટેવાયેલા નહતા.જ્યાંસુધી તેઓ રીફ્લેક્શન કરતા ન થાય ત્યાંસુધી મારો 'રીફ્લેકશનની સંસ્કૃતિનું' નિર્માણ કરવાનો વિચાર અર્થહીન નીવડે. આ સંજોગોમાં મને જે પડકારજનક બાબત લાગી તે આ મુજબ હતી:

- હું મારા શિક્ષકોને વાસ્તવિક સમસ્યાને ઓળખવા માટે કેવી રીતે સક્ષમ બનાવું?
- હું કેવી રીતે મારા શિક્ષકો અને વિદ્યાર્થીઓને રીફ્લેક્શનની અગત્યતા સમજવા માટે સક્ષમ બનાવું?
- શું મારા મુલ્યો અને રીફ્લેક્શન બીજા પર લાદવા એ યોગ્ય છે?
- અને જો હા તો,
- જ્યારે મારા અને શિક્ષકોના માથે પહેલેથી જ આટલો બધો કામનો બોજો છે ત્યારે આવા સંજોગોમાં હું શિક્ષકોને રીફ્લેકટીવ પ્રેકટીસનું શિક્ષણ આપવાની વ્યવસ્થા ક્યારે અને કેવી રીતે કરીશ?
- હું શાળાના આવા વાતાવરણમાં 'રીફ્લેક્શનની સંસ્કૃતિનું' નિર્માણ કેવી રીતે કરીશ?
- અમે બધાજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકસાથે મળીને કેવી રીતે શીખી શકીએ?

## The Principal's role (એક આચાર્યની ભૂમિકા)

લવાડ પ્રાથમિક શાળા પરિવારમાં ૧૫ શિક્ષકો અને ૫૨૫ વિદ્યાર્થીઓ છે. આ શાળા ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડને અનુસરે છે. એક સરકારી શાળાના આચાર્ય તરીકે મારે વહીવટકર્તા, કારકુન અને શિક્ષક એમ ત્રણ ભૂમિકા ભજવવાની રહે. આ મારા માટે પડકારરૂપ કામ હતું, કારણકે શિક્ષણએ મારું અત્યંત પ્રિય કામ છે, શિક્ષણના ભોગે વહીવટનું કામ કરવું એ મારા માટે અઘરું કાર્ય હતું. મને મારા વર્ગખંડનાં શિક્ષણ કાર્ય અને શિક્ષક વિદ્યાર્થીના સંબંધોખૂબ યાદ આવતા. શિક્ષકોને ફરીથી શિક્ષિત કરવાનો મારો વિચાર અને તે પણ એવા શિક્ષકો જે સાથી કર્મચારી છે તેમને ભણાવવાનો વિચાર થોડો અજુગતો લાગતો હતો. આ વિચારનું અમલીકરણ મને અને મારા સાથી શિક્ષકોને અજીબ પરિસ્થિતિમાં મૂકી દે તેવો હતો.મને સૌથી મહત્વની બાબત એ સમજાઈકે મારા 'હું' અને મારા લોકશાહી, સમાનતા, સંગતતા, વાદ-સંવાદવાળા શિક્ષણના મુલ્યો વચ્ચેના વિરોધાભાસે મારી શૈક્ષણિક યાત્રાને વધારે પડકારજનક બનાવતો હતો. ક્રિયા-પ્રતિક્રિયા ઉપરની મારી રીફ્લેક્શનની પ્રક્રિયા દ્વારા જ્યારે મેં મારી જાતની સાથે નીચે મુજબની પ્રશ્નોત્તરી કરી ત્યારે મેં મારી જાતને અસહાય અને નિર્બળ અનુભવી.

- હું મારા મુલ્યોને મારા વ્યવસાયમાં કેવી રીતે વણી લઉં?
- પ્રાથમિક શાળાના આચાર્યની શાળામાં કેવી ભૂમિકા હોવી જોઇએ?
- મારા પદ, મારા શિક્ષણ પ્રત્યેના પ્રેમ અને મારી વહિવટકર્તાની ભૂમિકા વચ્ચે થતા સંઘર્ષમાં શું હું મારી પોતાની જાતની ઓળખાણ ગુમાવી રહી છું?
- મારી આચાર્યા તરીકેની ભૂમિકામાં થતા ક્રિયા અને પ્રતિક્રિયા દ્વારા થતા રીફ્લેક્શનથી સમાજમાં કોઈ પરિવર્તન આવશે?

## Various teaching-learning Projects (કેટલાક શૈક્ષણિક પ્રોજેક્ટ્સ)

### Project -1 The role of reflective practice in teacher education (શિક્ષકના પ્રશિક્ષણમાં રીફ્લેકટીવ પ્રેકટીસની ભૂમિકા)

શરૂઆતમાં આચાર્ય તરીકેની મારી ભૂમિકા વિષે મને થોડી સ્પષ્ટતા હતી. તેમ છતાં મને રીફ્લેકટ થયુંકે મારે સૌ પ્રથમ મારા સાથી શિક્ષકોને સક્ષમ અને સશક્ત બનાવવા ખૂબ જરૂરી હતા,કારણકે શાળાના સુસંચાલન અને વ્યવસ્થાપન માટે હું તેમના પર આધારિત હતી. મને ખબર હતી કે તેમની સક્રિય ભાગીદારી વગર હું મારા ધ્યેયને પામી શકુ તેમ નહતું. એક મજબુત સશક્ત જૂથ જેમના અંગત સંબંધો વધારે મજબુત હોય તે સુસંચાલન માટેનું આવશ્યક પાસું છે.

મારા આ સાથી શિક્ષકો તાલીમબદ્ધ, યોગ્ય લાયકાત ધરાવતા,ટોચના ક્રમાંકિત, અને તેજસ્વી હતા. પરંતુ તેઓ બેન્કીંગ શિક્ષણ પદ્ધતિનો ભોગ બનેલા હતા. તેઓ પણ આજ પદ્ધતિથી ભણેલા અને તેમના વિદ્યાર્થીઓને પણ તે જ પદ્ધતિથી શીખવતા.જેના કારણે તેઓ નવી પેઢીની સાથે અનુબંધ બધાય તે પ્રકારે પોતાની જાત તેમજ શિક્ષણપ્રથાની કક્ષાને ઊંચી લાવે તેવો સુધારો કરવા સમર્થ નહતા.હું માનું છુ કે નવી પેઢીને શીખવવા માટે શિક્ષકે પોતાની જાતને નવા પ્રવાહોથી અપડેટ કરી હમેશા તૈયાર રાખવી જોઈએ.આ ઉપરાંત,શાળામાં આવતા વિવિધતાસભર પાશ્ચાત્યભૂમિકા ધરાવતા વિદ્યાર્થીઓ સાથે સંકલન સાધવામાં અને સહજ થવામાં શિક્ષકો મુશ્કેલી અનુભવતા હતા.આ બધીજ મુશ્કેલીઓને દૂર કરવાની મારી અપેક્ષા પૂરી કરવી હોય તો મારા સાથી શિક્ષકોનુ જીવન કૌશલ્ય અત્યંત કુશળતા સભર અને સુસંગત હોવું જોઈએ.આ સપનાને હકીકતમાં પરિવર્તિત કરવા માટે મેં મારા સમીક્ષાત્મક મિત્ર ડૉ. સ્વરૂપ સંપત રાવલ(henceforth referred to as Swaroop)ને મારા સાથી શિક્ષકોને તાલીમ આપવા શાળામાં આમંત્રિત કર્યા.

ડૉ.સ્વરૂપે મને 'નાટક દ્વારા જીવન કૌશલ્યનું શિક્ષણ' આપવા માટે તાલીમબદ્ધ કરી હતી.તેમ છતાં, મેં મારી લવાડ પ્રાથમિક શાળાના સાથી શિક્ષકોને તાલીમ આપવાની હિંમત કરી નહિ. એમ કરવાનું મુખ્ય કારણ એ હતું કે થોડા દિવસ પેહલા હું તેમના જેમ જ એક શિક્ષક હતી, તેમના માની જ એક,અને અચાનક હું સાથી શિક્ષકોને એક તજજ્ઞ બનીને તાલીમ આપવા લાગું તે અજુગતું અને અયોગ્ય હતું .સાથી શિક્ષકોમાં કેટલાકતો મારા કરતા મોટી ઉંમરના હતા.તેમેને ભણાવવાનો પ્રયત્ન કરું તે કેટલીક મુશ્કેલીઓ અને અંગત સંબધમાં અંતર ઉભું કરી શકે, જે લોકશાહીનું વાતાવરણ ઉભું કરવામાટે અવરોધરૂપ સાબિત થઇ શકે.એ જ રીતે તે બાબત રીફ્લેક્શનની સંસ્કૃતિનું નિર્માણ કરવામાં પણ હાનિકારક સાબિત થાય.આ બધીજ સંભવિત સમસ્યાઓથી બચવા મેં જીવન કૌશલ્ય શિક્ષણના અને શિક્ષણ શાસ્ત્રના નિષ્ણાતને શાળામાં તાલીમ આપવા માટે આમંત્રિત કર્યા.હું જાણતી હતીકે તેણી ખૂબજ કુશળ શિક્ષક અને તાલીમ શિક્ષક છે.તેમજ મારા સાથી શિક્ષકો આ તજજ્ઞને પેહલેથી જ એક ખ્યાતનામ વ્યક્તિત્વ તરીકે ઓળખતા હતા.તેમની પાસેથી તાલીમ લેવીએ શિક્ષકો માટે એક અન્માન અને ગૌરવની ઘટના હતી.

જુલાઈ,૨૦૧૬માં ગુજરાત રાજ્યની આ પ્રથમ સરકારી પ્રાથમિક શાળા હતી જેમાં શાળાએ પોતેજ શિક્ષકોને અપડેટ કરવા પોતાની આગવી જરૂરિયાત મુજબની તાલીમનું શાળા કક્ષાએ આયોજન કર્યું હતું. અમારા સૌભાગ્યથી તજજ્ઞશ્રી ડૉ.સ્વરૂપે આ તાલીમ આપવાની સંમતિ આપી અને એક આખું અઠવાડિયું રોજના ૬ કલાક તેમણે શાળાને ફાળવ્યા તે પણ કોઈજ પ્રકારના માનદવેતન વગર.

ડૉ. સ્વરૂપે એક અનુસૂચી બનાવી હતી,જે મુજબ શાળા સમયના પેહલા ભાગમાં તેઓ શાળાના પંદર શિક્ષકોને જીવન કૌશલ્યનું સૈદ્ધાંતિક શિક્ષણ આપતા હતા.તાલીમના આ ભાગમાં તેઓએ મહત્વના જીવન કૌશલ્યોને આવરી લીધા હતા. આ ઉપરાંત રીફ્લેકટીવ પ્રેક્ટીસ,અનુભવાત્મક શિક્ષણ પ્રક્રિયાઓ,નાટક દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણનું વિષય શિક્ષણ સાથે સંયોજન જેવા મુદ્દાઓનું ઊંડાણ પૂર્વક શિક્ષણ આપ્યું હતું.તેજ સમય દરમ્યાન જયારે શિક્ષકો તાલીમ લેતા હતા ત્યારે હું શાળાના પાંચસો પચ્ચીસ વિદ્યાર્થીઓને એક સાથે શિક્ષણ આપતી હતી.એક સાથે પાંચસો પચ્ચીસ વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયામાં સતત બે કલાક સુધી વ્યસ્ત રાખવાતે મારા માટે પડકારરૂપ બાબત હતી.

આ અનુસૂચિના બીજાભાગમાં ડૉ.સ્વરૂપ પ્રેક્ટીકલ દાર્શનિક વર્ગ લેતા જેમાં તેઓ વિદ્યાર્થીઓને જાતે જ ભણાવીને શિક્ષકોને શીખવેલ સૈદ્ધાંતિક શિક્ષણનો વર્ગખંડમાં અમલ કરતા. આ વર્ગમાં શિક્ષકોએ એક વિદ્યાર્થીની ભૂમિકામાં સહભાગી થવાનું હતું. આ તકનીકનો ઉપયોગ કરીને તેઓએ શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે રહેલી ઉમરની દીવાલોને દૂર કરી હતી. તેમજ શિક્ષકો આ એક અઠવાડિયામાં ધીમે ધીમે શિક્ષકોનું વલણ શીખનાંરના વલણમાં રૂપાંતરિત થતું હતું.આવી વ્યક્તિગત માર્ગદર્શનવાળી પ્રાયોગિકતાલીમના કારણે શિક્ષકોમાં છુપાયેલું શીખવાનું વલણ જાગૃત થયું. આ એક્શન પ્લાનના કારણે શિક્ષકોને જીવન કૌશલ્યના શિક્ષણની અસરકારકતાનો એહસાસ થયો.

ડૉ. સ્વરૂપ બાળકો સાથે ખૂબજ પ્રેમાળ અને મૈત્રીપૂર્ણ વ્યવહાર કરતા. તેમણે એક આદર્શ પ્રિય શિક્ષકનું વર્તન કેવું હોય તેનું તાદૃશ્ય ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મારી શાળાની આગવી સૌ પ્રથમ શિક્ષક તાલીમ એક પ્રવાહની દિશા બદલનાર સાબિત થઇ. ડૉ.સ્વરૂપે લોકશાહીયુક્ત શિક્ષણ પ્રક્રિયાનો આદર્શ દાર્શનિક પાઠ પૂરો પડ્યો હતો જે મારી લિવિંગ એજ્યુકેશન થિયરીના મુખ્ય મુલ્યોમાંનું એક મૂલ્ય હતું. તેમની વિદ્યાર્થીઓને પ્રેમથી જોવાની આગવી દ્રષ્ટીને કારણે તેઓનું ધ્યાન કુપોષણના કારણે ધીમી ગતિથી શીખનાર એવી એક વિદ્યાર્થીની પર ગયુ. શાળામાં આ વિદ્યાર્થીની સાથે તેની શીખવાની અસમર્થતાના કારણે અળખામણું અને અણમાનીતું વર્તન થતું હતું. ડૉ.સ્વરૂપ આ બાબતથી અજાણ હતા.તેઓએ આ બાળા સાથે કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર પ્રેમાળ સબંધ બાંધ્યો. કોઈક રીતે તેઓએ આ બાળાને 'ફ્રેંચ નીટીંગ' નામની એક જટિલ વણાટ કલા શીખવાળવામાં સફળતા મેળવી. તે બાળાને ડૉ.સ્વરૂપનો નિસ્વાર્થ પ્રેમ અસર કરી ગયો. તે બાળાએ પણ આ નવા શિક્ષક તરફની પોતાની પ્રેમની લાગણી પ્રદર્શિત કરવા ખૂબ મેહનત અને મથામણ કરીને ફ્રેંચ નીટીંગની આ જટિલ કળા ટૂંકા સમયગાળામાં શીખી લીધી. આશ્ચર્યની વાત એ છે કે તે બાળાએ આ કળા પર એટલું પ્રભુત્વ મેળવી લીધુ કે ડૉ.સ્વરૂપે તેને આ કળા શાળાના શિક્ષકોને શીખવવાનું કામ સોપ્યું. શિક્ષકો બાળામાં આવેલા આ અભૂતપૂર્વ પરિવર્તનથી પ્રભાવિત થઇ ગયા. આ ઘટના દ્વારા ડૉ.સ્વરૂપે પૂર્વગ્રહ રહિત,વાદ-સંવાદ યુક્ત લોકશાહી વાળી શિક્ષણ પ્રક્રિયાનું સચોટ ઉદાહરણ પૂરું પડ્યું જેમાં સમાનતા અને સુસંગતતાના મૂલ્યોનો સમાવેશ થયો હતો.આ રીતે તેમણે 'શિક્ષણ પ્રક્રિયામાં પ્રેમના મૂલ્યનું મહત્વ' સમજાવ્યું હતું.

ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ‘પ્રેમ’શબ્દને એક નિંદાત્મક લાગણી સાથે જોવામાં આવે છે.શિક્ષણ જગતમાં શિક્ષકો દ્વારા તેને માન-મર્યાદા અને વિનમ્રતાની આડમાં જાણી જોઈને અવગણવામાં આવે છે.એક વિદ્યાર્થી-શિક્ષકનાં સંબંધની દ્રષ્ટીએ ‘પ્રેમ’ શબ્દને સમાજમાં નકારાત્મક ભાવથી જોવામાં આવે છે. ‘હું મારા વિદ્યાર્થીને ચાહું છુ.’ એમ કહેવું એ અયોગ્ય અને અશ્લીલ બાબત કહેવાય તેવું માનવામાં આવે છે.

આ પ્રકારની બધીજ માન્યતાઓની વિરુદ્ધ, ડૉ.સ્વરૂપે ‘પ્રેમ’શબ્દ અને લાગણીની મદદથી તે બાળાનાં મનમાં ભણવાની રુચી પેદા કરી,એક ચમત્કાર સર્જ્યો હતો. તે બાળા આટલી જટિલ કળા માત્રને માત્ર તેને ડૉ.સ્વરૂપ પાસેથી તેને મળેલા નિસ્વાર્થ પ્રેમના કારણે શીખી હતી.તે આ અઘરી કળા શીખીને તેના નવા પ્રેમાળ શિક્ષક્ને પ્રભાવિત કરવા માંગતી હતી.



**Video 1 The girl learning art from Swaroop** https://youtu.be/TLEvQCoHlG8



**IMAGE 1: SWAROOP WITH LAVAD SCHOOL TEACHER**



IMAGE 2: SWAROOP WITH STUDENTS





**Image 3: Swaroop teaching the students how to knit**

**Image 4: A student teaching a teacher how to knit**





**IMAGE 5: SCHOOL MANAGEMENT COMMITTEE AND SWAROOP**

**Image 6: Students and Swaroop at Lavad Primary School**

આ એક એવી ઘટના હતી જેનાથી શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે વધુ તંદુરસ્ત અને મજબુત સંબંધ પ્રસ્થાપિત થયો. ડૉ.સ્વરૂપે શાળાને એક પરિવારમાં પરિવર્તિત કરી. શિક્ષકો નિસ્વાર્થ પ્રેમમાં કેટલી શક્તિ રહેલી છે તેના સાક્ષી બન્યા. શાળાના શિક્ષકો તેમના વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર ચાહવા લાગ્યા અને તેમની કદર કરવા લાગ્યા.

**Image 7: The teacher playing with child with love**

**Image 8: The teacher and students working together happily in the school garden**





શિક્ષક તાલીમના સફળ કાર્યક્રમ પછી શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહિત અને પ્રેરણાસભર બન્યા હતા.ડૉ.સ્વરૂપે શાળાને ઉત્સાહના રંગોથી રંગી કાઢી હતી.પરંતુ હવે અગત્યનો પ્રશ્ન એ હતો કે આ ઉત્સાહનો રંગ ક્યાં સુધી ટકી રહેશે? આ વાતાવરણને ટકાવી રાખવાનું અને આ પ્રણાલીને આગળ વધારવાની જવાબદારી એક આચાર્ય તરીકે મારા ખભા ઉપર હતી.

## Converting the contradiction into an opportunity ( વિરોધાભાસને તકમાં ફેરવવાની આવડત)

નાટક દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ(LSTD)ની શિક્ષક તાલીમ બાદ શિક્ષકોએ તેમના નુતન શિક્ષણનો વર્ગખંડમાં ઉત્સાહપૂર્વક અમલ કરવાનો શરુ કર્યો. એક શિક્ષણવિદ તરીકે મને ખ્યાલ હતો કે આ પદ્ધતિથી વર્ગખંડમાં બાળકો સાથે કામ લેવું એ સહેલી બાબત નથી. આથી, હું તૈયાર હતી કે શિક્ષકો તેમની મુશ્કેલીઓ લઇને મારી પાસે આવશે જ. તેમની મુશ્કેલીઓ નીચે મુજબ હતી:

- LSTD કાર્યક્રમ ખૂબ સરસ હોવા છતાં બાળકોનો પ્રતિસાદ નબળો છે. તેઓ ડૉ.સ્વરૂપ સાથે જે પ્રતિસાદ આપતા તેવો અમને આપતા નથી.
- અવાજવાળા વર્ગખંડની વ્યવસ્થા જાળવવામાં તેઓ મુશ્કેલી અનુભવતા.
- વિદ્યાર્થીઓ કેટલીક LSTD રમતોને સમજવામાં અસમર્થ હતા.
- જો શિક્ષકો તેમના વર્ગખંડ શિક્ષણનું આયોજન LSTDના આધારે કરે છે તો શિક્ષણની પ્રક્રીયા ખૂબ ધીમી બને છે અને તેઓ અભ્યાસક્રમ આપેલ સમયમર્યાદામાં પૂર્ણ કરી શકતા નથી.

આ બધી મુશ્કેલીઓ સાથે તેમણે કેટલાક પરિવર્તનોનો સ્વીકાર પણ કર્યો જેમકે:

- વિદ્યાર્થીઓને ખૂબ મજા આવતી હતી.
- વિદ્યાર્થીઓ નવી રમતો શીખવા અસમર્થતો હતા પરંતુ તે રમતોના કારણે તેમનું સમગ્ર ધ્યાન પુરા સમય માટે વર્ગખંડમાં રેહતું તેમજ શીખવાની પ્રક્રિયામાં રસ દાખવતા થયા હતા જે પેહલા ક્યારેય બન્યું નહોતું.
- બાળકોને શાળામાં આવવાની હવે મજા આવતી હતી જેથી છેલ્લા મહિનામાં શાળામાં વિદ્યાર્થી હાજરીનો દર વધ્યો હતો.

મેં જ્યારે શિક્ષકોનો આવો પ્રતિભાવ સાંભળ્યો ત્યારે હું અંદરથી ખૂબ ખુશ થઇ. કદાચ હું એવી એક પહેલી આચાર્ય હોઈશ જે શિક્ષકોની મુશ્કેલીઓ અને ફરિયાદો સાંભળીને તેને હલ કરવા માટે ખુશ થઇ હોઈશ. મારા ખુશ થવા પાછળનું કારણ એ હતું કે તેઓ વર્ગખંડની શિક્ષણ પ્રક્રિયામાં અનુભવતા ખરેખરા પ્રશ્નો લઈને આવ્યા હતા. હકીકતે શાળામાં આવું પેહલીવાર બન્યું હતું જ્યાં શિક્ષકો શિક્ષણ પ્રક્રિયાને લગતા પ્રશ્નો લઈને આવ્યા હતા વહીવટના નહિ.

શિક્ષકોને તેમની જાતે જ સમજાયું કે તેઓએ તેમની શિક્ષણ આપવાની પદ્ધતિમાં બદલાવ લાવવા સખત પ્રયત્ન કર્યો છે તેમ છતાં તેમના શૈક્ષણિક કાર્યમાં ગુણવત્તાનો અભાવ તેમને અનુભવાયો.તેમનું ધ્યાન હવે ધીરે ધીરે માત્રાત્મકથી ગુણવત્તા તરફ વળ્યું હતું, માત્ર શૈક્ષણિક સિધ્ધીઓ પરથી વ્યક્તિગત સર્વાંગી વિકાસ તરફ વળ્યું હતું. રીફ્લેકટીવ પ્રેકટસીસના કારણે અમારી શાળાના દરવાજા તંદુરસ્ત બાળ કેન્દ્રી શૈક્ષણિક અભિગમની દિશા તરફ ખુલી ગયા હતા.

જે ક્ષણે શિક્ષકો પ્રતિભાવો અને રીફ્લેક્શન લઈને મારી પાસે આવ્યા ત્યારે મારો પહેલો પ્રતિસાદ હતો 'wow, Let's go' (વાહ, ચાલો આગળ વધીએ). હું મારા આયોજનો અને વિચારોને અમલમાં મુક્વા માટે અતિ ઉત્સાહી હતી. મારી ઈચ્છા હતી કે શાળાના શિક્ષકો હવાઈ સ્વપ્ના, વિચારો અને આયોજનોને સમજીને તેનો વર્ગખંડમાં અમલ કરે.પરંતુ મેં જ્યારે મારા આ વલણ અને ઇચ્છાઓ પર રીફ્લેકટ કર્યું ત્યારે મેં મારી જાતને નીચેના પ્રશ્નો કર્યા...

- મારા વિચારો, આયોજનો, મુલ્યો અને રીફ્લેક્શન અન્યો પર થોપવા એ યોગ્ય છે?
- શું હું મારી પ્રતિભાનું, આગવી આવડતનું પ્રદર્શન કરી સાથી મિત્રો પર મારો પ્રભાવ પાડવા માંગું છું?
- શું હું એવું ઈચ્છું છું કે શિક્ષકો મારા આયોજનોનો વિચાર્યા વગર આંખ બંધ કરીને માત્ર અમલ કરે?
- શું હું ખરેખર એવું ઈચ્છું છુ કે શિક્ષકો વિચારતા થાય તેમના પોતાનાં શૈક્ષણિક આયોજનો કરી તેનું અમલીકરણ કરવા સક્ષમ બને?
- મારું મૂળભૂત લક્ષ્યાંક શું છે?

આ બધા પ્રશ્નોએમને મારા લોકશાહી, વાદ-સંવાદ યુક્ત શૈક્ષણિક વાતાવરણના મુલ્યો અને આયોજનો વચ્ચેનો વિરોધાભાસ સ્પષ્ટ રીતે દર્શાવ્યો(Whitehead, 1989, p.3). જો મારે મારા આ મુલ્યોને જીવનમાં જીવવા હોય તો મારે મારા નિર્ણયો અને આયોજનોને શિક્ષકો પર થોપવાને બદલે, શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે લોકશાહી યુક્ત વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ

## Project -2 Providing a democratic, negotiated teaching-learning environment for the teachers in the school (શાળામાં શિક્ષકોને લોકશાહી અને વાદ-સંવાદવાળું શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવું)

મેં મારી જાતને 'લિવિંગ કોન્ટ્રાડીકશનની' સ્થિતિમાં જોઈ(Whitehead, 2013, p.2).હું મારી શાળામાં જે આયોજનો લાદવાનું વિચારતી હતી તે મારા મૂલ્યો સાથે વિરોધાભાસ ધરાવતા હતા. મારા કાર્યો અને આયોજનો મને મારા 'રીફ્લેકશનની સંસ્કૃતિનું' નિર્માણ કરવાના લક્ષ્યાંકથી દુર લઇ જતા હોય તેવું લાગ્યું. મને સમજાયું કે મારા બધા આયોજનો અને વિચારો ગમેતેટલા સારા અને ઉચ્ચ હોય પણ જો તે હું શિક્ષકો પર લાદી દઉંતો તે મારા મૂલ્યોની વિરોધમાં કામ થયું ગણાય. આ વિરોધાભાસને નકારી કાઢીને મારે શિક્ષકોને તેમની જાતેજ રીફ્લેકટ કરીને તેના ઉપર નવા આયોજનો કરવાની સ્વતંત્રતા આપવાની જરૂર હતી.આમ, આ વિચાર સાથે મેં સાથી શિક્ષકો સાથે ચર્ચા વિચારણા થાય તેવી રીફ્લેકટીવ ચર્ચાઓ કરવાની શરુ કરી જેથી શિક્ષકોને તેમના પોતાના વિચારો, ઉપાયો અને આયોજનો રજુ કરવાની તક મળે.

> 'મોટાભાગના શિક્ષકો સ્વાભાવિક રીતે સમીક્ષાત્મક રીફ્લેક્શન કરી શકતા નથી, તેથી રીફ્લેક્શન કરવા માટે વિદ્યાર્થીશિક્ષકને યોગ્ય તકો પુરી પાડવી જરૂરી છે. જે દર્શાવે છે કે રીફ્લેકટીવીટી એ એક કૌશલ્ય છે જેને ચોક્કસ પ્રકારના શિક્ષણ દ્વારા હાંસલ કરવી પડે તે કઈ અચાનક સ્વયમસ્કુરિત ઘટના નથી'(Yang, S. H. 2009,pp 11-21).

મેં મારા આયોજનમાં આ રીફ્લેક્શનના આધારે ફેરફારો કરીને આ બધી સમસ્યાઓનું સાથે મળીને શોધવા માટે શિક્ષકોની મિટિંગ બોલાવી. જેનું નામ રીફ્લેકટીવ મિટિંગ રાખ્યું.

*પહેલી રીફ્લેકટીવ મિટિંગ સપ્ટેમ્બર ૨૦૧૬ (First teacher's reflective meeting, September-2016)*

મેં મારા અવલોકનો શિક્ષકોને જણાવ્યા કે શાળામાં બાળકો ખુશ દેખાય છે,વર્ગખંડની પવૃત્તિઓને માણે છે, અને શાળામાં વિદ્યાર્થીઓનો હાજરીનો દર ઉંચો ગયો છે.મેં ખાસ કરીને કેટલાક એવા શિક્ષકોનાં વખાણ કર્યા જેઓ તેમના તાસ આયોજનમાં LSTD ની પ્રક્રિયાનો સમાવેશ કરવાનો ખરેખર પ્રયત્ન કરી રહ્યા હતા. મેં જેવા એમના નામ લીધા તેવા જ તેઓ તેમના અનુભવો કહેવા લાગ્યા. મેં આ તકનો લાભ લઈને તેમના અનુભવો અને વિચારોને રીફ્લેક્શનની દિશા તરફ વળ્યા.

*રીફ્લેકટીવ વાર્તાલાપના પ્રથમ ભાગના અવતરણો :*

હું: LSTDનાં વર્ગમાં બાળકો અવાજ કેમ કરે છે?
શિક્ષકમિત્ર: કેમકે, તેમને વિચાર કરીને રમત રમવી પડે છે.
હું: તો વિચાર કરી તેને શેર કરવો એ ખરાબ બાબત કહેવાય?
શિક્ષક; (મુંજવણ સાથે) ના.
હું: શું તમને લાગે છે કે અસરકારક પ્રત્યાયન માટે ચર્ચા કરવીએ જરૂરી ક્રિયા છે?
શિક્ષક: હા!
હું: તો પછી બાળકોનો અવાજ તમને શા માટે નડે છે?
શિક્ષક: મને લાગે છે કે વર્ગખંડમાં અવાજ કરવો એ ખરાબ આદત છે, આપણે તેમને શાળામાં શિસ્તનો પાઠ ભણાવવો જોઈએ.
હું:તમારા મતે શિસ્તનો અર્થ શું છે? પ્રત્યાયનના વર્ગમાં ચુપ બેસવું? ખરેખર એને શિસ્ત કહેવાય?
શિક્ષક: ના એવું નથી પરંતુ આટલો બધો અવાજ મારાથી સહન થતો નથી,અવાજના કારણે હું તેમને યોગ્ય રીતે શીખવી શકતી નથી, મારી સૂચનાઓ વિદ્યાર્થીઓ સુધી યોગ્ય રીતે પહોચતી નથી.
હું: હા, એ વાત બરાબર છે તમારી,તો શું આપણે અવાજના કારણે આ પ્રવૃત્તિઓ બંધ કરવી જોઈએ?કે આ પ્રશ્નના સમાધાન માટે અન્ય ઉપાય શોધવા જોઈએ?
શિક્ષક: ના,આપણે આ પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ પરંતુ આ સમસ્યાના ઉપાયો પણ શોધવા જોઈએ.
હું: સરસ,ચાલો, એમ કરીએ.

*રીફ્લેક્ટીવ વાર્તાલાપના બીજા ભાગના અવતરણો :*

શિક્ષક: વિદ્યાર્થીઓ LSTDની રમતો શીખવા માટે સક્ષમ નથી, રમતો પ્રમાણમાં અઘરી છે.
હું: શું બાળકો આ રમતો ડૉ.સ્વરૂપના વર્ગમાં સરળતાથી રમતા હતા?
શિક્ષક: હા! પરંતુ તેઓ તજજ્ઞ છે.
હું: તો કોનામાં સુધારાની જરૂર છે? વિદ્યાર્થીમાં કે શિક્ષકમાં?
શિક્ષક: શિક્ષકમાં.

*રીફ્લેક્ટીવ વાર્તાલાપના ત્રીજા ભાગના અવતરણો :*

શિક્ષક: અમે જો અમારું સંપૂર્ણ ધ્યાન આ શૈક્ષણિક પદ્ધતિ પર કેન્દ્રિત કરશું તો અભ્યાસક્રમ ક્યારે પૂર્ણ કરશું?
હું:શું તમને લાગે છે કે અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે આપણે આ LSTD આધારિત શૈક્ષણિક પદ્ધતિનો ઉપયોગ બંધ કરવો જોઈએ?
શિક્ષક: ના, એમ તો નહિ પરંતુ...હું આ બાબતે સ્પષ્ટ નથી. અભ્યાસક્રમ પૂર્ણ કરવો એ આપણી નૈતિક જવાબદારી છે.તેમ ના થાય તો સમુદાયમાં અને વાલીઓમાં તે બાબતે પ્રશ્નો ઉભા થઇ શકે છે.
હું: તમે જે અભ્યાસક્રમ પૂર્ણ કરવાનું કહો છો તેનાથી શું વિદ્યાર્થીઓ વ્યક્તિત્વ વિકાસમાં બદલાવ લાવી શકાશે?
શિક્ષક:ના એવું તો જરાય નથી,આ તો માત્ર એકમાર્ગીય પ્રક્રિયા છે.એમાં આપણે બાળકોના મગજમાં માહિતીઓને ઠાલવી દઈએ છીએ.
હું: કયો પાઠ લેવાથી એક શિક્ષક તરીકે તમને તમારા કર્યો વધારે સંતોષ અનુભવાય છે? LSTD આધારિત પાઠ કે વર્ષોથી ચાલી આવતી જૂની પદ્ધતિવાળા પાઠથી?
શિક્ષક: LSTD આધારિત.
હું: વિદ્યાર્થીઓને કેવી રીતે શીખવાનું ખૂબ ગમે છે?
શિક્ષક: LSTD આધારિત શિક્ષણ પ્રક્રિયાથી
હું: શું વધારે અગત્યનું છે?વર્ગખંડમાં વિદ્યાર્થીની શારીરિક હાજરી કે તેમની શિક્ષણમાં સક્રિય ભાગીદારી અને વ્યક્તિગત વિકાસ?
શિક્ષક: બાળકોનની સક્રિય ભાગીદારી.
હું: શું વધારે અગત્યનું છે? વિદ્યાર્થીનો વિકાસ કે અભ્યાસક્રમ પૂર્ણ કરવો તે?
શિક્ષક: વિદ્યાર્થી વિકાસ.

(Personal communication with the teachers at Lavad School, 20/09/2016)

શિક્ષકોને આ રીફ્લેકટીવ મિટીંગમાં મજા આવી.અમે આયોજન કર્યું કે આવી શિક્ષક રીફ્લેકટીવ મિટિંગ અઠવાડિયાના દર શનિવારે યોજાય જેમાં અમારા નવા વિચારો, એક્શન પ્લાન, સફળતાઓ અને નિષ્ફળતાઓ વગેરે જેવી બાબતોની ચર્ચા થઇ શકે. ધીમે ધીમે આ રીફ્લેક્ટીવ મીટીંગ અમારી શાળાની અઠવાડિક પરંપરા બની ગઈ.જેના પરિણામે અમે એકસાથે એક મજબુત ટીમ તરીકે વિકસતા ગયા.

હવે આગળ મેં જે શૈક્ષણિક પ્રોજેક્ટ અહી રજુ કર્યા છે તે અમે એક ટીમ તરીકે સૌએ સાથે મળીને ડિઝાઈન કર્યા અને અમલમાં મુક્યા છે.

## Project -3 Integration of Life Skills Through Drama (LSTD) with the school curriculum (શાળાના અભ્યાસક્રમ સાથે LSTDનું સંયોજન)

સમયનું વ્યવસ્થાપન, અભ્યાસક્રમ પૂર્ણ કરવો અને LSTDના વિષયનો રાજ્ય પરીક્ષા બોર્ડના સમયપત્રકમાં સમાવેશ કરવો, આ બધીજ સમસ્યાઓનું સમાધાન લાવવા માટે અમે LSTDના વિષયમાં આવતી રમતો અને પ્રવૃત્તિઓનું લીસ્ટ બનાવ્યું જેનો ઉપયોગ શિક્ષકો શાળાના સમયપત્રકના પેહલા ભાગમાં પ્રાર્થના સભા બાદ કરી શકે.શિક્ષકો આ યાદીમાં સમાવિષ્ટ રમતો અને પ્રવૃત્તિઓનો ઉપયોગ શાળા સમયપત્રકના બીજા ભાગમાં પણ વિરામ પછી તરત મળતી ૧૦ મીનીટમાં કરવા લાગ્યા.બાળકોને આ પ્રકારની અનુસૂચિમાં મજા આવવા લાગી. સમય પત્રકમાં થયેલા આ ફેરફારના કારણે વિદ્યાર્થીઓ પ્રાર્થના સભા અને વિરામના સમય પછી તેમનાથી જેટલું વહેલુંશક્ય બને એટલું વહેલું તેમના વર્ગખંડમાં

પહોંચવા લાગ્યા.શિક્ષકોને પણ આ બદલાવ જોઈ નવાઈ લાગી.જોકે, આ દરમ્યાન મારા ધ્યાન આવ્યું કે વિદ્યાર્થીઓ મજા તો કરે છે પરંતુ આ પ્રવૃત્તિઓ અને રમતોમાં તેઓ ઊંડાણપૂર્વક રીફ્લેકટ કરતા નથી.

## Reflective meeting conversation between me and teachers, November 2016

***શિક્ષકોની રીફ્લેક્ટીવ મીટીંગ દરમ્યાન થયેલા વાર્તાલાપના અવતરણો :***

હું: શું આ સમયપત્રક અસરકારક છે?
શિક્ષક: હા ખૂબજ !તેમાં મજા આવે છે અને તેમાં વધારે સમય પણ લાગતો નથી.
હું: આપણે આ પ્રવૃત્તિઓનું આયોજન શા માટે કર્યું હતું? માત્ર મજા કરવા?
શિક્ષક: ના, બાળકોને સર્જનાત્મક પદ્ધતિથી શીખવવા માટે.
હું: બરાબર છે કે આપણે સર્જનાત્મક પદ્ધતિથી શીખવીએ છીએ પરંતુ , શું આપણે તેનું મૂલ્યાંકન કરીએ છીએ?
શું બાળકો ખરેખર શીખે છે? કે માત્ર પ્રવૃત્તિ કરવાની મજા માણે છે શીખ્યા વગર?
શિક્ષક: ચોક્કસ ના કહી શકાય, તેઓ પ્રવૃત્તિઓની મજા માણે છે પરંતુ શીખવાની પ્રક્રિયા પર તેમનું ધ્યાન કેન્દ્રિત હોતું નથી. બાળકો મજા કરવામાં વ્યસ્ત હોય છે શીખવામાં નહિ.
હું: શું આપણે પ્રવૃતિના અંતે બાળકોને શીખવાના મુદ્દા પ્રત્યે વિચારવાની દિશા આપીએ છીએ?શું આપણે રીફ્લેકટીવ પ્રક્રિયાઓનો ઉપયોગ પાઠ દરમ્યાન બાળકો સાથે કરીએ છીએ?
શિક્ષક: ના (મીટીંગ રૂમમાં એક દમ શાંતિ છવાઈ ગઈ).

(Personal communication with the teachers during the reflective meeting, Lavad School, 05/11/2016)

આ મીટીંગ પછીના દિવસે પ્રાર્થના સભામાં મેં આખી શાળાના વિદ્યાર્થીઓ સાથે બ્રીફીગની પ્રક્રિયા શરુ કરી.દરરોજ હું રીફ્લેક્ટીવ વાદ-સંવાદ કરવા માટે એક વર્ગ પસંદ કરતી.અમે આગળના દિવસમાં વર્ગખંડમાં થયેલી પ્રવૃત્તિ ઉપર ચર્ચા કરતા.તેમાં હું આ મુજબના પ્રશ્નો પુછતી: તમે ગઈ કાલે કઈ અન્ય પ્રવૃત્તિઓ કરી? તમને તેમાં મજા આવી? શેમાં મજા આવી? એ ઘટના જણાવો.તમને તેમાં શું ગમ્યું, શું ના ગમ્યું? કેમ?

મેં એ બાબત પર ભાર મુક્યુ કે બાળકો 'કેમ' પ્રશ્નનો જવાબ આપે તેઓ માત્ર ગમ્યું/ના ગમ્યું સુધી સિમિતના રહે.આ એક અગત્યની ટેકનિક અમે LSTDની તાલીમ દરમ્યાન શીખ્યા હતા(SWAROOP). જેના દ્વારા બાળકો વિચારવા પર મજબુર થાય. 'કેમ' પ્રશ્નનો જવાબ આપવાની આદત વિકસાવવાની પ્રણાલીએ 'રીફ્લેક્શનની સંસ્કૃતિનું' નિર્માણ કરવાની પ્રક્રિયામાં મોટી ભૂમિકા ભજવી છે. છ મહિનાની અંદર શિક્ષકોની શિક્ષણપ્રક્રિયામાં પણ આ આદત ખૂબ સરસ રીતે વણાઈ ગઈ.મેં અવલોકન કર્યું તો જણાયુ કે વર્ગખંડના વાર્તાલાપોમાં ઘણો બદલાવ આવ્યો છે.બધી રમતો અને પ્રવૃત્તિઓ બાદ શિક્ષકોએ રીફ્લેક્શન કરવાનું અને કરવવાનું શરુ કર્યું હતું.ધીમે ધીમે આ બધી ટેકનિકોનો ઉપયોગ વિષયવસ્તુના શિક્ષણકાર્ય દરમ્યાન પણ થવા લાગ્યો.છ મહિનાના સમયગાળામાં તો બાળકોએ પણ રીફ્લેક્શન કરવાની આદત તેમની દૈનિક જીવન ક્રિયાઓમાં વણી લીધી હતી.

મારા રીફ્લેક્શનસ; હેતુલક્ષી શિક્ષણની અગત્યતા. **(My reflections; finding a purpose to learn)**

કોઈક સમયના વાર્તાલાપ દરમ્યાન ડૉ.સ્વરૂપે મને કહ્યું હતુ કે 'આપણી માણસજાતને કઈક નવું શીખવા માટે હેતુ કે કારણની જરૂર હોય છે'.આ વિચાર ઉપર રીફ્લેક્શન કરતા મને સમજાયુંકે મારી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને તેમની જવાબદારીઓ હવે ગમવા લાગી છે.તેમને તેમના કર્યો અને જવાબદારીને યોગ્ય રીતે કરવા પાછળનું કારણ મળી ગયું છે અને તેથી જ તેમનું વલણ બદલાઈ ગયું છે.આ રીફ્લેક્શન મને મારી જાત સાથેના ઊંડાણપૂર્વકના સંવાદ તરફ દોરી ગયું.

### મારી રીફ્લેક્ટીવ ડાયરીમાંથી લેવાયેલા જાત સાથેના સંવાદના અવતરણો:

પ્રશ્ન: હું જે કાર્ય કરૂં છું એની પાછળ કોઈ હેતુ છે ખરો?
હું: હા, શિક્ષણ એ મારૂ અત્યંત પ્રિય કામ છે.

પ્રશ્ન:બરાબર,પણ આ કાર્ય પ્રિય હોવા પાછળનો કોઈ હેતુ કે કારણ છે? જે તને આ ફિલ્ડમાં સખત મહેનત કરવાની પ્રેરણા આપી શકે?

હું: હા સમાજનું સશક્તિકરણ -એ મુખ્ય હેતુ છે.

પ્રશ્ન: તારા માટે 'સમાજનું સશક્તિકરણ' એટલે શું?

હું: જેમ, મારા ગુરુ ડૉ.સ્વરૂપે મને જીવનની દરેક ક્ષણ, પરિસ્થિતિ અને પ્રક્રિયા પર રીફ્લેકટ કરી મારી જાતમાં પરિવર્તન લાવવા માટે મને સક્ષમ અને સશક્ત બનાવી તેમ મારે મારા વિદ્યાર્થીઓને બનાવવા છે. આ સશક્તિકરણના લીધે મારી અંગત અને વ્યવસાયિક જીવનયાત્રા અર્થસભર, આનંદદાયી,અને રસપ્રદ બની.આ પરિવર્તનના કારણે મારા કાર્યમાં 'પ્રેમ' નામનું તત્વ ઉમેરાયું.આ બદલાવે મને હેતુસભર જીવન જીવવાની શક્તિ પૂરી પાડી(Whitehead, 1989, p. 5 ).આ સશક્તિકરણે મને એક શિક્ષકના હાથમાં અને પ્રેમ નામના તત્વમાં કેટલી તાકાત રહેલી છે તેનો અનુભવ કરાવ્યો.આ સશક્તિકરણે મારા મુલ્યોની યાદીમાં અને લિવિંગ એજ્યુકેશન થિયરીમાં એક નવા તત્વ 'પ્રેમ'નો ઉમેરો કર્યો. હું માનું છું કે 'પ્રેમ'નામના તત્વએ મારા વ્યક્તિત્વમાં પરિવર્તન આણ્યું અને મને એક 'કાળજી લેનાર' શિક્ષકમાં પરિવર્તિત કરી.લોકોનું સશક્તિકરણ કરવું એટલેપોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને લોકોના જીવનમાં મૂલ્યોરૂપી પોષણ આપવું અને તે મુલ્યોને તેઓ અસરકારકરીતે જીવી શકે તે માટે તેમને મદદ કરવી.આ પદ્ધતિને અનુસરીને આપણે સૌ આપણા માટે એક સુંદર જીવનનું નિર્માણ કરી શકીએ.(Reflective Journal 10/02/2017).

## Establish the anti-banking education system through reflections (રીફ્લેકશનની મદદથી એન્ટી-બેન્કિંગ શિક્ષણ પદ્ધતિનું પ્રસ્થાપન કરવું)

ફેબ્રુઆરી ૨૦૧૭ના અંતમાં,મારા શિક્ષકોને એક નવી સમસ્યા 'નબળું શૈક્ષણિક પ્રદર્શન'નો અનુભવ થયો.વર્ગખંડમાં શિક્ષકોએ નવી શૈક્ષણિક પ્રક્રિયાઓનો અમલ શરુ કરી દીધી હતો.જેમકે, સર્જનાત્મક પ્રવૃત્તિઓ,રમતો,વગેરે. પ્રમાણિકતાથી કહું તો તેઓ સખત મહેનત કરી રહ્યા હતા; બાળકો પણ વર્ગખંડમાં ખૂબ ધ્યાન દઈને શીખી રહ્યા હતા. આમ છતાં તેઓએ પરીક્ષાની જવાબવહીમાં જે જવાબો લખ્યા હતા તે તેમની વર્ગખંડની નોટબુકમાં લખતા તેટલા સરસ અને સચોટ નહોતા. શિક્ષકો શાળા અને તેમના વર્ગખંડના શૈક્ષણિક પ્રદર્શન વિશે ચિંતિત હતા અને મુશ્કેલીમાં મુકાયા હતા.તેઓએ રીફ્લેકટ કર્યું કે તેમની સખત મહેનતનું પરિણામ આના કરતા વધારે સારું હોવું જોઈતું હતું, આ આખી પ્રક્રિયામાં ચોક્કસ કઇક ખામી રહી ગઈ હોવી જોઈએ. શિક્ષકો માનતા હતાકે આ આખી સમસ્યાનું નિરાકરણ લાવવું અને બાળકો પરીક્ષામા મ સારું પ્રદર્શન કરી સારું પરિણામ લાવતા થાય તેમ કરવું એ તેમની નૈતિક જવાબદારી છે.રીફ્લેક્ટિવ મીટીંગમાં અમે નીચેના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી.

મેં આ મુજબ પ્રશ્નો તેમની સમક્ષ મુક્યા હતા.

- શું આપણે બાળકોને તેમની આખી જિંદગી આજ રીતે માર્ગદર્શન આપતા રહીશું?
- નાના બાળકોને શિક્ષણ આપવાનો મુખ્ય હેતુ શું હોઈ શકે; તેમને તેમનું આખું જીવન ખુશીથી જીવવા સશક્ત બનાવવા તે કે પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થવું તે?
- આપણે આપણા વિદ્યાર્થીઓને કેવા બનાવવા ઇચ્છીએ છીએ ;જેઓ તકની રાહ જોતા બેસી રહે તેવા કે નવી તકોનું નિર્માણ કરી શકે તેવા ?

*(Reflective meeting discussion agenda, March 2017)*

હું મારી રીફ્લેકટીવ ડાયરીનો અભ્યાસ કરી રહી હતી અને તેમાં મારી નજરમાં 'શીખવાનો હેતુ (હેતુલક્ષી શિક્ષણ) વાળું રીફ્લેક્શન આવ્યું(Reflective Journal 10/02/2017 pg 24) અને મને તે જોઇને ખૂબ જ આનંદ થયો. તે જોઇને મને સમજાયું કે હજી મારી શાળાના વિદ્યાર્થીઓને આખી શિક્ષણ પ્રક્રિયામાં તેમનો 'ભણવા પાછળનો હેતુ' મળતો નથી. આ ઉપરાંત શિક્ષકો પાસે તેમને 'ભણાવવાનો હેતુ' સ્પષ્ટ નથી તેઓ તેમનુ કાર્ય માત્ર તેમની જવાબદારીના ભાગરૂપે તેમજ કમાવાના સાધન તરીકે કરી રહ્યા છે. મેં રીફ્લેકટીવ મીટીંગ દરમ્યાન શિક્ષકોનનું ધ્યાન આ બાબત તરફ દોર્યું. શિક્ષકોને લાગ્યુકે તેઓએ તેમના પાઠના આયોજનમાં કેટલાક મહત્વના પ્રશ્નો ઉપર ભાર મુકવો પડશે જેમકે 'તેઓ કોઈ ચોક્કસ મુદ્દો શીખવી રહ્યા છે તેના પાછળનો મુખ્ય હેતુ શું છે? આ મુદ્દા દ્વારા તેઓ કેવા પ્રકારનું જ્ઞાન અને મૂલ્યોનો વિકાસ કરવા ઈચ્છે છે? તેઓ તે મુદ્દાઓને વિદ્યાર્થીઓના રોજીંદા જીવન વ્યવહાર સાથે કેવી રીતે સાંકળી શકે?

'કેવી રીતે શીખવું તે ભણાવો' , 'કેવી રીતે શીખવું તે શીખો'

ડૉ. સ્વરૂપે મને વર્ષ ૨૦૧૧માં આ વાક્યો ઉપર ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવાનું શીખવ્યું હતું.પરંતુ આ બાબતનું જ્ઞાન જાતે જ થાય તે પ્રક્રિયામાંથી પસાર થવું તે ખૂબ મહત્વનું છે. આ બાબત શિક્ષકોને જાતે સમજાય અને તેમના માંથી જ આ મુદ્દો ઉપસ્થિત થાય તે વધારે

યોગ્ય હતું. મારે એક આદર્શ રીફ્લેકટીવ શિક્ષક તરીકે વર્તવાનું  હતું જેથી બીજા શિક્ષકો માટે તે ઉદાહરણ સ્વરૂપ બની રહે.મેં કેટલાક શૈક્ષણિક પ્રોજેક્ટસ આખી શાળા માટે ડીઝાઇન કર્યા જેમાં વર્ગ ઉંમર કે વિષયોની મર્યાદા નહતી. આમ કરવાનો મુખ્ય હેતુ શિક્ષકોને તાદ્રશ્ય ઉદાહરણ પૂરું પાડવાનો હતો. જેમાં શિક્ષકો જોઈ શકે કે બાળકોને વિષયવસ્તુના શિક્ષણ દરમ્યાન રીફ્લેક્ટીવ પ્રેકટીસની પ્રક્રિયામાં કેવી રીતે જોડી શકાય.

## Project-4 The Rangoli Competition (રંગોળી સ્પર્ધા)

મેં ધોરણ ૧ થી ૮ વચ્ચે ૩૦ દિવસ સુધી સતત ચાલે તેવી લાંબી રંગોળીની સ્પર્ધાનું આયોજન કર્યું. રંગોળી એ ભારતની પ્રખ્યાત પ્રાચીન લોકકળા છે.અમે ભારતીયો તહેવારોના દિવસોમાં મહેમાનોને આવકારવા માટે ઘરના આંગણાને રંગોળી દોરીને સજાવીએ છીએ.રંગોળીમાં પાઉડર કલરની મદદથી સુંદર, પરંપરાગત ડિઝાઈન બનાવવામાં આવે છે.

આ સ્પર્ધાથી શિક્ષકોની રૂઢિગત શિક્ષણ પ્રણાલીની માન્યતાઓ બદલાઈ ગઈ (Parekh, 2008,pg.33; Ramachandran, 2018).



**IMAGE 9 : TRADITIONAL RANGOLI PICTURE**

જ્યારે મે ૩૦ દિવસ લાંબી રંગોળી સ્પર્ધાની જાહેરાત કરી તે શિક્ષકોને જરાય ગમ્યું નહતું. તેમને લાગ્યુંકે આ માત્ર સમયનો બગાડ છે. તેથી, મેં તેમાં કેટલાક નવા નિયમો સામેલ કર્યા:

1. દરેક વર્ગે તેમના વર્ગખંડની બહાર રોજ એક નવી રંગોળી બનાવવી.
2. બાળકોએ તેમને સોપેલું આ કાર્ય પ્રાર્થના સભા અને શાળાસફાઈના સમયની વચ્ચે મળતા ૧૦મિનિટના સમયગાળામાં પૂર્ણ કરવું
3. દરરોજ વર્ગમાંથી નવા નવા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લેવો.
4. વિદ્યાર્થીઓ રંગોળી બનાવવા માટે પાઉડર કલર,અન્ય કલર,અનાજના દાણા જેવી કોઈ જ સામગ્રી વાપરી શકશે નહિ જે સામાન્ય રીતે રંગોળી બનાવવામાં વપરાતી હોય.
5. બાળકોએ આ રંગોળી નકામી અને વપરાયેલી સામગ્રીમાંથી બનાવવાની રહેશે.તેઓ કુદરતી સંપત્તિને હાની પહોચાડે તેવી કોઈ સામગ્રી વાપરી શકાશે નહિ. દા.ત. તેઓ  ફૂલ,પાંદડા વગેરે તોડીને વાપરી શકે નહિ. તેઓ નીચે પડેલા કે સુકાઈ ગયેલા ફૂલ –પાંદડા, બીજ વગેરે વાપરી શકે.

સ્પર્ધાના પહેલા દિવસે હું નિર્ણાયક હતી, બીજા દિવસે અન્ય શિક્ષકોને મેં નિર્ણાયક જાહેર કર્યા અને ત્રીજા દિવસે બે વિદ્યાર્થીઓને નિર્ણાયક બનાવ્યા.આમ એક શિક્ષક અને બે વિદ્યાર્થીઓની ટીમ નિર્ણાયક સમિતિમાં હોય તેવું નક્કી થયું પરંતુ સમિતિના સભ્યો દરરોજ નવા નીમાય તેમ ઠરાવવામાં આવ્યું.આમ થવાથી દરેક વિદ્યાર્થીને નિર્ણાયક બનવાનો અનુભવ મળે તેમજ મજા પણ આવે.દરરોજની પ્રાર્થના સભામાં બધાજ નિર્ણાયકો એ તેમના નિર્ણય, ગુણ અને નંબર કારણો સાથે જાહેર કરવાના હતા.જાહેરાત દરમ્યાન બાકીના બધાજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને તેમના નિર્ણયો પર પ્રશ્નોત્તરી કરવાની છૂટ હતી.આ પ્રશ્નોત્તરીની વ્યવસ્થાને કારણે બધાજ નિર્ણાયકોએ ખૂબજ ઈમાનદારી અને ચોક્કસાઈ પૂર્વક તેમના નિર્ણયો લેવાના થતા.

રંગોળી સ્પર્ધાના કારણે શાળામાં ઉત્સાહભર્યું વાતાવરણ બન્યું હતું. સર્જનાત્મક વિદ્યાર્થીઓના કારણે દરરોજ આ સ્પર્ધા વધારેને વધારે અઘરી બનતી જાતિ હતી.વિદ્યાર્થીઓને નંબર મેળવવા માટે વિચારવું પડતું હતુ કે કયા આધારથી નિર્ણાયકો નિર્ણય લેશે.તે સહેલું કામ નહોતું કારણકે નિર્ણાયકો રોજ બદલાતા જેના આધારે માપદંડો પણ બદલાતા રહેતા.સ્પર્ધામાં જીતવા માટે આખા વર્ગના વિદ્યાર્થીઓએ એક ટીમ તરીકે સાથે મળીને નવી નવી યોજનાઓ વિચારવી પડતી જેથી તેમની રંગોળી સોથી અલગ અને સર્જનાત્મક દેખાય.વિદ્યાર્થીઓને તેમના વિચારો આખા વર્ગ અને શિક્ષક સમક્ષ ચર્ચા કરીને રજુ કરવા પડતા જેથી તેમની પ્રત્યયાનના કૌશલ્યોનો વિકાસ થાય.અજાણતાજ તેઓ અગત્યના જીવન કૌશલ્યો શીખતા અને તેમનો મહાવરો કરતા જતા હતા.સ્પર્ધા જીતવા માટે તેઓએ અવલોકન,માપન,ધ્યાન કેન્દ્રિત કરવું જેવા અનેક કૌશલ્યોનો

મહાવરો કરવો પડતો.આ બધા કૌશલ્યોનો સમાવેશ ગણિત,વિજ્ઞાન, પર્યાવરણ જેવા અભ્યાસક્રમલક્ષી વિષયોના શિક્ષણના મુખ્ય હેતુઓ હતા. વિદ્યાર્થીઓએ તેમની રંગોળીની સામગ્રી પણ ખૂબ ધ્યાન દઈને પસંદ કરવી પડતી નહિતો સ્પર્ધામાંથી બાકાત થઇ જવાનો ભય રહેતો.

નીચે પ્રાર્થના સભાના શ્રોતા અને નિર્ણાયકો વચ્ચે થતા વાર્તાલાપનું એક ઉદાહરણ રજુ કરેલ છે.

પ્રાર્થના સભામાં થતી ચર્ચામાંથી લીધેલા અવતરણ(Excerpts from the prayer assembly conversation)

નિર્ણાયકો: ગઈકાલની સ્પર્ધામાં પહેલો નંબર ધોરણ -૬ના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. કારણકે તેઓએ વૃક્ષની રંગોળી બનાવવા માટે એક અલાયદી સામગ્રી ‘દીવાલ ઉપર ચોંટેલી લીલનો’ ઉપયોગ કર્યો હતો.જે ખૂબ જ સર્જનાત્મક વિચાર કહેવાય અને વૃક્ષ ખૂબ સુંદર લાગતું હતું.

વિદ્યાર્થીઓ:પરંતુ ધોરણ-૪ ના વિદ્યાર્થીઓએ વપરાયેલા કાગળમાંથી બનાવેલી રંગોળી વધારે સુંદર હતી.

નિર્ણાયકો: હા, પરંતુ લીલનો આવો ઉપયોગ કરવો તે ખૂબ જ સર્જનાત્મક વિચાર કહેવાય.

વિદ્યાર્થીઓ: પરંતુ, લીલ એ નકામી સામગ્રી નાં કહેવાય. લીલ એક પ્રકારની વનસ્પતિ છે. તે ઓક્સિજનનું ઉત્સર્જન કરે છે.એક સંશોધન મુજબ પૃથ્વી ઉપરનો ૭૦% ઓક્સિજન લીલ દ્વારા ઉત્સર્જીત થાય છે.

ધોરણ ૬ના વિદ્યાર્થીઓ: એ સંશોધન સાચું છે.પરંતુ સમુદ્રમાં થતી લીલ જ ઉપયોગી છે.અમે દીવાલ પર જામેલી લીલનો ઉપયોગ કર્યો છે જે થોડા દિવસ પછી આપો આપ સુકાઈ જાય છે અને માત્ર દીવાલને ખરાબ કરે છે આ સિવાય તેનો અન્ય કોઈજ ઉપયોગ થતો નથી.માટે તેની ગણતરી નકામી સામગ્રીમાં થઇ શકે.

(Personal communication between audience and judges duringassembly, areflective conversation, Lavad School, 05.03. 2017)

હું અને શિક્ષકો બંને આ પ્રકારનો વાર્તાલાપ સાંભળી પ્રભાવિત થઇ ગયા.બાળકો વિજ્ઞાન અને પર્યાવરણ વિષયમાં આવતો ખૂબ અગત્યનો મુદ્દો સહજતાથી આપમેળે શીખ્યા. તેમજ તેઓ આ પાઠ ક્યારેય ભૂલી શકશે નહિ.તેઓએ સ્પર્ધા જીતવા માટે તાર્કિક દલીલ થઇ શકે તે હેતુથી મુદ્દાનું ખૂબ ઊંડાણપૂર્વકસંશોધન અને અભ્યાસ કર્યો હતો.કારણકે તેમને શીખવા માટેનો હેતુ મળ્યો હતો.



Image 10: The rangoli made from algae



IMAGE 11: THE RANGOLI MADE FROM WASTE PAPER



IMAGE 12: THE RANGOLI MADE FROM USED ICE CREAM SPOONS



IMAGE 13: THE RANGOLI MADE FROM MATCHBOX STICKS AND USED BEADS





Image 14: Students and teachers are working as judges. Image 15: Students and teachers = team who won the competition

આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એક સાથે એકજૂથ તરીકે કામ કરવા માટે પ્રેરવાનો હતો.જેનાથી તેઓ એકબીજાના મિત્ર બને અને શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધમાં નડતી મર્યાદાની દીવાલો તૂટે.આ પ્રોજેક્ટની મદદથી નિર્ણયશક્તિના કૌશલ્યનો મહાવરો થયો. સૌથી સારી રંગોળીને ઇનામ આપવા માટે નિર્ણાયક સમિતિના શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખૂબ જ ચર્ચાઓ કરવી પડતી.જેમકે સામગ્રીનો ઉપયોગ,સામગ્રી ઉપયોગી છે કે બિનઉપયોગી,રંગોળી સુંદર અને આકર્ષક છેકે નહિ?,માપન બરાબર છે?,કલ્પશીલ છે?,અલાયદી છે? આવા ગણ બધા પાસા તપાસવા પડતા. આ એક ખૂબ જ અઘરી માનસિક કસરત હતી. અહી લોકશાહીના વાતાવરણમાં જવાબદારીપૂર્ણ વર્તન કરવું આવશ્યક હતું.

## A Setback (ફરીથી શરૂઆત)

એપ્રિલ એ શૈક્ષણિક સત્રનો છેલ્લો મહિનો કહેવાય,જેમાં ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ સત્રની વાર્ષિક પરીક્ષાઓનું આયોજન કરે છે.એપ્રિલ મહિના પહેલા પહેલાજ શાળામાં રંગોળીની સ્પર્ધા પૂર્ણ થયેલ હતી. બધાજ વાર્ષિક પરીક્ષા માટે ખૂબજ ઉત્સાહિત હતા.આખા વર્ષ દરમ્યાન કરેલા અથાક પ્રયત્નોના આધારે શિક્ષકો પણ ખૂબજ આશાસ્પદ અને ઉત્સાહી જણાતા હતા.અમે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શૈક્ષણિક અનુભવો પુરા પાડવા માટે પૂરતા પ્રયત્નો કર્યા હતા.અમે વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને યોગ્યતા પણ શૈક્ષણિક પ્રક્રિયાઓ દરમ્યાન તપાસ્યા હતા.જેના કારણે અમે વિદ્યર્થીઓના તેમજ શાળાના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ખૂબ આશાસ્પદ વલણ ધરાવતા હતા. અમે ધરતા હતા કે આ વર્ષનું શાળાનું અને વિદ્યાર્થીઓનું પરિણામ પાછળના વર્ષો કરતા વધારે સારું હશે.આ આશાઓ અને સપનાઓ વચ્ચે બનેલા એક દુ:ખદ બનાવે મને અને શિક્ષકોને નિરાશાની સ્થિતિમાં મૂકી દીધા.

પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓનું એક જૂથ ચોરી કરતા પકડાયું. આ વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં નાની નાની કાપલીઓ ચોર ખિસ્સામાં લઈને આવતા ઝડપાયા હતા.આ ઉપરાંત અમને જાણવા મળ્યુકે તેઓને ચોરીની આવી ખરાબ આદત છેલ્લા ઘણા વર્ષોથી હતી.ચોરી કરતા વધારે આ વિશ્વાસઘાતની ઘટના વધારે હતી.અમે પરીક્ષા દરમ્યાન અમે શાળામાં ભયમુક્ત વાતાવરણ ઉભું કરવા ખૂબ પ્રયાસ કર્યો હતો છતાં વિદ્યાર્થીઓની મનોસ્થિતિ સ્પર્ધાત્મક હતી.તેઓનાં મનમાં સ્પર્ધાને જીતવાની જીજીવિષા હતી. વ્યંગાત્મક બાબત એ હતીકે આ એવા વિદ્યાર્થીઓનું જુથ હતું જેઓ શાળામાં સૌથી પ્રતિભાશાળી ગણાતા હતા. મને અને શિક્ષકોને એક મોટી નિષ્ફળતાની લાગણી અનુભવાઈ.આ એવી હકીકત અમારી સામે આવી હતી જે અમારા પ્રમાણિકતા, વિશ્વસનીયતા, સત્ય,લોકશાહી અને નિષ્ઠાના મુલ્યોસિંચનથી તદ્દન વિરોધાભાસમાં હતી.અમે સૌએ એક સાથે અમારી જાતને લિવિંગ કોન્ટ્રાડીકશનની સ્થિતિમાં અનુભવી(Whitehead, 1989, p.1).

હું સ્વીકારું છું કે,અમે આ પરિસ્થિતિને અયોગ્ય પદ્ધતિથી હલ કરી અને વિદ્યાર્થીઓને આ કાર્ય માટે સજા કરી.અમારી શાળાનું તે વર્ષનું શૈક્ષણિક પરિણામ ખૂબ ઊંચું આવ્યું છતાં હું અને શિક્ષકો આ પરિણામથી ખુશ નહતા.અમે સૌ રજાઓના સમયગાળામાં પણ ચોરીના આ બનાવ ઉપર સતત રીફ્લેકટ કરતા રહેતા હતા.અમે અમારી નિષ્ફળતાના કારણો મેળવવા અમારા કાર્યો પર વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરતા હતા. અમે એ જાણવા મથી રહ્યા હતા કે કઈ જગ્યાએ અમારા પ્રયત્નો ઓછા પડ્યા અને અમે પ્રમાણિકતા જેવા અગત્યના મૂલ્યનું સિચનના કરી શક્યા. અમે અમારા આ લિવિંગ કોન્ટ્રાડિકશનને કેવી રીતે નકારી શકીએ? મારી રીફ્લેકટીવ પ્રેકટીસની આદતના લીધે મને આ ઘટના બનવાનું કારણ સમજાયું. વિદ્યાર્થીઓને પરીક્ષા લેવા અને આપવા પાછળનો મુખ્ય હેતુ ખબર નથી માટે તેઓ આવું વર્તન કરતા હતા. વિદ્યાર્થીઓનો ચોરી કરવા પાછળનો આશય શિક્ષકોનો વિશ્વાસ તોડવાનો નહોતો. તેઓ ઈચ્છતા હતા કે તેમનું પરિણામ શ્રેષ્ઠ આવે અને તેમના શિક્ષકોને ગર્વનો અનુભવ થાય.

## Project-5.A challenge- You have to Cheat to be the winner (ચોરી કરવાનો પડકાર -જીતવા માટે ચોરી કરવી ફરજીયાત)

શાળાના નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં મેં વિદ્યાર્થીઓ માટે એક તદ્દન નવી પ્રવૃત્તિનું આયોજન કર્યું.જેનો હેતુ બાળકોના મગજમાં પરીક્ષા લેવાનો હેતુ સ્પષ્ટ કરવાનો હતો.તેમને સમજાવવાનું હતુકે પરીક્ષાઓ એ વર્ષ દરમ્યાન થતી શૈક્ષણિક પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરવા માટે

હોય છે. 'Cheating during examinations defeats the purpose of understanding, applying, and creating ideas as stipulated in the revised Bloom's taxonomy by Anderson (Anderson and Krathwohl, 2001, P.122).' એન્ડરસન દ્વારા સુધારાયેલી બ્લૂમ ટેક્ષોનોમીમાં થયેલા વર્ગીકરણ મુજબ પરીક્ષાઓમાં થતી છેતરપિંડી પરીક્ષાના મુખ્ય હેતુ 'વિદ્યાર્થીઓના વિચારોને સમજવા,અમલમાં મુકવા અને તેના આધારે સુધારા કરવા' ને નિષ્ફળ બનાવે છે.તેમજ મને સમજાયુકે સજા એ પ્રગતિને અવરોધતી પ્રક્રિયા છે જ્યારે રીફ્લેક્શનએ સશક્તિકરણ કરતી પ્રક્રિયા છે.આ વિચારને મગજમાં રાખીને મેં નક્કી કર્યુંકે 'અખંડિતતાનું વાતાવરણ સર્જવા માટે મારી પરીક્ષામાં થતી છેતરપિંડીની પ્રક્રિયા પ્રત્યેના વિદ્યાર્થીઓના લગાવનું ખંડન કરવું પડશે.''to generate the value of integrity [to] break the affinity to cheat in exams' (Philip, 2017 p.2).

હું જયારે ચોરીના બનાવ પર રીફ્લેકટ કરતી હતી ત્યારે મને સમજાયુંકે વિદ્યાર્થીઓના ચોક્કસ વર્તન માટે માત્ર શિક્ષકો આધારભૂત નથી.બાળકો તેમના સાથી મિત્રો, સમાજ, સંસ્કૃતિ, ઘરનું વાતાવરણ અને વાલીઓનું વર્તન પણ એટલુંજ જવાબદાર છે.'પરીક્ષામા છેતરપિંડીના કિસ્સા મોટા ભાગે સાથી મિત્રોની સંગત અને દબાણના કારણે બનતા હોય છે કારણકે, કિશોર અવસ્થા એ જીવનનો એવો સમયગાળો છે જેમાં સમવયસ્ક મિત્રો સૌથી વધુ પ્રભાવિત કરતા હોય છેCheating during examinations is triggered by peer influence because adolescents are at a time in their lives where peer influence and peer pressure are high (Rettinger and Kramer, 2009). પરીક્ષા દરમ્યાન શીખનાર વ્યક્તિને જ્યારે મુશ્કેલી અનુભવાય ત્યારે તેમની માનસિકતા કઈંક આ પ્રકારની હોય છે 'હું મારા મિત્ર સાથે,મિત્ર દ્વારા અને મિત્રો માટે ચોરી કરૂં છું'ચોરી કરવી કે શૈક્ષણિક દુષ્કર્મ કરવું તે કોઈ નવી ઘટના નથી તે આખી દુનિયાભરનો જાણીતો પ્રશ્ન છે [I cheat with, from, and for my friends. This is a prevalent mindset of learners whenever they are facing difficulties during examinations. Cheating or academic misdemeanor is not a new phenomenon (Taradi et al., 2012)and is a worldwide issue (Berhan and Desalegn, 2014)].છેતરપિંડીને શૈક્ષણિક ગેરવર્તનના એક પ્રકાર તરીકે માનવામાં આવે છે અને તે શૈક્ષણિક સંસ્થાઓ માટે એક મોટું ચિંતાનું કારણ બની ગઈ છેCheating is considered as one of the forms of academic misconduct that has become one of the biggest concerns of educational institutions (Wilkinson, 2009 p.124).

રીફ્લેક્ટીવ પ્રેક્ટીસીસ અને સર્જનાત્મક વલણની મદદથી હું આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવું જેથી મારી વ્યવસાયિક સજ્જતામાં પ્રગતિ થાય? 'દરેક બાળકને મુલાય આધારિત શિક્ષણ મળે જેથી તેઓની જિંદગી વધારે અર્થસભર બને અને આદર્શ સમાજનું નિર્માણ થાય'.મારી આ લિવિંગ એજ્યુકેશન થિયરીમાં ઉદભવેલા વિરોધાભાસનું ખંડન કરવા માટે મેં એ દિશામાં કેટલાક નક્કર પગલા ભર્યા.મેં શાળામાં એક પ્રવૃત્તિની જાહેરાત કરી જેનું નામ હતું 'જો તમારે જીતવું હોય તો ચોરી કરવીજ પડશે'.મેં એક ચિત્રની પરીક્ષાનુ આયોજન કર્યું અને તેના તદ્દન નવા જ નિયમો બનાવ્યા.જે નીચે મુજબ હતા:

- પરીક્ષામાં ભાગ લેનાર વિદ્યાર્થીને એક અનન્ય ચિત્ર બનાવવાનું થશે જેમાં માત્ર ત્રણ જ આકારોનો ઉપયોગ કરી શકાશે: ચોરસ, ત્રિકોણ, અને ગોળ (વર્તુળ);
- વિદ્યાર્થીઓ એક તેમનું એક જુથ બનાવીને એક જુથમાં પણ ભાગ લઇ શકશે;
- ચિત્ર બનવવા માટે કોઈ પણ પ્રકારની સામગ્રી વાપરી શકાશે. વિદ્યાર્થીઓ તેમના સર્જનાત્મક વિચારોનું અમલીકરણ કોઈપણ પ્રકારની મર્યાદા વગર કરી શકશે;
- ભાગલેનાર બીજા ભાગલેનાર વિદ્યાર્થીઓના ચિત્રો કોઈજ અવરોધ વગર જોઈ શકશે જેથી તેમનું ચિત્ર બીજા બધા કરતા અલગ બનાવી શકાય;
- એક સરખા ચિત્રોને અયોગ્ય ગણીને પરીક્ષામાથી રદ કરવામાં આવશે;
- પરીક્ષા ધોરણ ૧ થી ૮ માટે યોજવામાં આવશે.જેથી બધાજ ભાગલેનાર વિદ્યાર્થીઓને એક બીજાના ચિત્રો ફરજીયાત જોવા જ પડશે અને ચોરી કરવી જ પડશે.દા.ત. ધોરણ ૮ ના એક વિદ્યાર્થીએ આપેલા આકારોની મદદથી એક ચિત્ર બનાવ્યું અને તે ચિત્ર જો ધોરણ ૬ના વિદ્યાર્થીએ બનવેલા ચિત્ર જેવુજ સરખું બન્યું તો તે બંને વિદ્યાર્થીઓના ચિત્રોને રદ કરવામાં આવશે;

બાળકો દુવિધામાં મુકાઈ ગયા જયારે તેમણે ફરજીયાત ચોરી કરવાનો નિયમ સાંભળ્યો.તેઓ પરીક્ષામા ચોરી કરવાની વાતથી ખૂબઉત્સાહિત હતા છતાં, તેમને ખૂબ ઝડપથી સમજાઈ ગયુકે બીજાના ચિત્રો જોવા, સમજવા અને તેનાથી તદ્દન ચિત્રો બનવવાએ ખૂબ જ અઘરું કામ હતું. પરીક્ષા દરમ્યાન ધોરણ ૮ના કેટલાક વિદ્યાર્થીઓ મારી પાસે આવ્યા અને મને જણાવ્યુ કે આ પરીકક્ષા એ સૌથી અઘરી પરીક્ષા છે અને અમે તે પાસ નહિ કરી શકીએ અમારે આ પરીક્ષા આપવી નથી.

તેમને નાસીપાસ થયેલા જોઇને હું તેમને ધોરણ ૧ના વર્ગખંડમાં નાના બાળકો પાસે લઇ ગઈ.મેં તેમને થોડી ક્ષણો અવલોકન કરવા જણાવ્યું, ત્યારબાદ તે બાળકો પરીક્ષા કેવી રીતે આપી રહ્યા હતા તેનું વર્ણન કર્યું.ધોરણ ૧ ના બાળકો પરીક્ષામાં પાસ થવાના કે સારા પરિણામ મેળવવાના  કોઈ પણ દબાણ વગર ખુશીથી તેમનું ચિત્ર બનાવી રહ્યા હતા.તેઓને બીજા શું કરતા હતા તેમાં કોઈ જ રસ ન હતો. તેઓ માત્ર પોતાના નવા વિચારને હકીકતમાં પ્રદર્શિત કેવી રીતે કરવો તે ક્રિયામાં વ્યસ્ત હતા.કોઈ જ પ્રકારના ડર/ભય/ ચિંતા વગર તેઓ પરીક્ષાના પ્રશ્નનો જવાબ જુથમાં સાથે મળીને કેવી રીતે આપવો? તેમાં  વ્યસ્ત હતા.તેઓ પરીક્ષામા સારા ગુણ મેળવવાની બાબતથી તદ્દન અજાણ હતા.તેમને બીજા કરતા વધારે સારા દેખાવામાં કોઈ જ રસ નહતો.તેઓને બસ તેમનું પોતાનું કાર્યજ વધારે સારી રીતે કરવામાં રસ હતો.



**Image 16:** Students of Grade 1 trying to create shapes on the muddy ground with shoes and themselves



**Image 17:** Student of Grade 4 drawing on paper dish

આ પ્રકારનું વર્ણન સાંભળી અને અવલોકન કર્યા બાદ, ધોરણ ૮ના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પાછા જઈને ચિત્રની પરીક્ષામાં તેમની પોતાની આવડતનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની પ્રેરણા મળી.

ત્યારબાદ અમે બધાજ ચિત્રોનું પ્રદર્શન ગોઠવ્યું.જેમાં ધોરણ ૩ થી ૮ના લગભગ ચારસો પંદર ચિત્રો હતા.ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓએ પરીક્ષાનો જવાબ ખૂબ જ અલગ રીતે આપ્યો હતો.કાગળ અને પેન્સિલનો ઉપયોગ કર્યા વગર અને ખૂબજ સર્જનાત્મક રીતે.શાળાના બધાજ સભ્યો માટે આ એક રોમાંચક અનુભવ હતો.

કોઈજ વ્યતક્તિ કોઈ પણ ચિત્રને શ્રેષ્ઠ ચિત્ર તરીકે પસંદ કરી શક્યું નહિ કારણકે દરેક ચિત્ર જુદું અને અલાયદું હતું.મેં જાહેર કર્યુંકે પરીક્ષામાં ભાગ લેનાર દરેક જણ પાસ થયું છે,ભાગલેનાર દરેક વિદ્યાર્થીએ તેમની ક્ષમતા મુજબ શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો છે અને પરીક્ષામાં સારો દેખાવ કર્યો છે.વિદ્યાર્થીઓએ તેમને ચોરી કરવામાં કેટલી મુશ્કેલી પડી તેનો અનુભવ શેર કર્યો.તેમને સમજાયુંકે બીજાના ચિત્રમાં જોઇને આપણું ચિત્ર તેવું ના જ બને તે બાબતનું ધ્યાન રાખવું તે નિયમ સૌથી અઘરો હતો.પરીક્ષા શરૂ થયાની પંદર મિનીટની અંદરજ બાળકોને સમજાઈ ગયું હતું કે બીજામાં જોઇને આપણું ચિત્ર અલગ દોરવું તે અશક્ય છે.તેના કરતા પોતાના ચિત્રમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ યોગ્ય અને સરળ હતું.જયારે તેમને આ બાબત સમજાઈ અને તેનો અમલ કર્યો ત્યારે બધાજ ચિત્રો અલગ અને સુંદર બન્યા.



**Image 18:** The children reflecting on ‘cheat to be a winner’.

જો હું પ્રમાણિકતાથી જણાઉં તો હું એમના કહી શકું કે આ પ્રકારની પરીક્ષા પછી શાળાના સો એ સો ટકા બાળકો ભવિષ્યમાં અન્ય પરીક્ષામા ચોરી નહિ કરે.પરંતુ હું આશા રાખુંકે તેમના કેટલાકને આ બાબત સમજાઈ હશે અને આગળ જતા પ્રમાણિકતા, સત્ય અને વિશ્વાસ જેવા મૂલ્યોનું પાલન કરશે.

## Education for Equity and Justice (સમાનતા અને ન્યાય માટે શિક્ષણ)

સૌથી અંતમાં ખૂબ જ મહત્વનો એક શૈક્ષણિક પ્રોજેક્ટ વિશે વાત કરવા જઈ રહી છું જેના કારણે મારી લિવિંગ એજ્યુકેશન થિયરી પરની પક્કડ વધુ મજબુત બની.નવેમ્બર ૨૦૧૮માં મેં મારામાં રહેલ સ્ત્રીત્વ અને મારામાં રહેલા શિક્ષક્ની વચ્ચે એક દુ:ખદ વિરોધાભાસ(Whitehead, 2018) અનુભવ્યો.એ ઘટનાએ મારામાં અને મારી લિવિંગ એજ્યુકેશન થિયરીમાં એક શક્તિશાળી મૂલ્યતત્વ 'પ્રેમ'નું પ્રસ્થાપન કર્યું.તે ઘટનાએ મને એક રીફ્લેકટીવ અને સમાનુભૂતિનો ગુણ ધરાવતા શિક્ષકનું શિક્ષણ જગતમાં કેટલું મહત્વ છે તેનો અહેસાસ કરાવ્યો.તે ઘટનાએ મને મારી અંદર રહેલી સમાજમાં અને સંસ્કૃતિમાં બદલાવવા લાવવાની મારી ક્ષમતાનો અનુભવ કરાવ્યો.આ ઘટનાએ સમાજમાં શિક્ષણની શું ભૂમિકા છે અને તે કેટલું મહત્વનું છે તેનું સચોટ ઉદાહરણ પૂરું પાડ્યું.

૩૦ નવેમ્બરનાં દિવસે હું મારી ઓફિસમાં શાંતિથી કામ કરી રહી હતી.અચાનક એક દીકરી ડૂસકાં ભરતી ભરતી અંદર આવી અને રડવા લાગી.તે ગુસ્સા અને નફરતથી ભરાઈને રડતી હતી.તેણે ધોરણ ૮ના છોકરાઓની ફરિયાદ મને કરી.તે છોકરાઓ તે દીકરીને શાળામાં ગાળો બોલીને હેરાન કરતા અને દાદાગીરી કરતા હતા.આ સાંભળીને હું એક ક્ષણ માટે મારા હ્રદયના ધબકારા ચુકી ગઈ.હું તે દિકરીની વાત માનવા કે સ્વીકારવા તૈયાર નહોતી કેમકે તે દીકરીની વાત મુજબ શાળાના સલામતીભર્યા વાતાવરણમાં કમી રહી ગઈ હોય તેવું સાબિત થતું હતું. તે જે છોકરાઓની વાત કરતી હતી તે છોકરાઓ શાળા પરિવારના જ સભ્યો હતા,જેમને મેં સંવેદનશીલતા,સમાનતા, સુસંગતતા, સત્ય જેવા મૂલ્યો સીંચ્યા હતા, તે લોકો મને કેવી રીતે ખોટી પડી શકે? મારું શિક્ષણ નિષ્ફળ કેવી રીતે થઇ શકે?તે છોકરાઓ એક છોકરીને ગાળો કેવી રીતે બોલી શકે કે કોઈનું અપમાન કરી શકે? મેં ક્યારેય તેમને આવું નીચલી કક્ષાનું વર્તન કરવાનું શીખવાડ્યું નહોતું. અમે શિક્ષકોએ અમારી અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા દરમ્યાન હંમેશા એ બાબતનું ધ્યાન રાખ્યું હતુ કે અમારા વિદ્યાર્થીઓમાં નૈતિક મુલ્યોનું સિંચન અચૂક પણે થાય.

આ હકીકતને સ્વીકારવી મારા માટે ખૂબ મુશ્કેલ હતી.મારી અંદરની ઈચ્છા એવી હતી કે તે દીકરી ખોટી સાબિત થાયપરંતુ મને જાણવા મળ્યુકે હું ખોટી હતી અને તે દીકરી સાચી હતી.હું એવું ધારણામાં જીવતી હતીકે મારી શાળા બધાજ બાળકો માટે એક સલામત જગ્યા છે.પરંતુ હકીકત આનાથી જુદી હતી.આ હકીકતનો સામનો જયારે મેં કર્યો ત્યારે હું અંદરથી ભાંગી પડી.હું એક પણ શબ્દ બોલવાને લાયક નહોતી. હું તે દીકરી સાથે આંખ નહોતી મીલાવીને વાત નહોતી કરી શકતી.મને આવી શાળાના આચાર્ય હોવાની શરમ અનુભવતી હતી.

ગુસ્સાના કારણે મેં મારી નવ્વાણું છોકરીઓને હુકમ કર્યોકે તેઓ તે છોકરાઓનું અપમાન કરે જેથી તેઓને તેમના કરેલા ખરાબ વર્તન માટે શરમ અનુભવાય.મેં છોકરાઓની દલીલ સાંભળવાની જરાય તસ્દી ના લીધી.મારા આ વર્તન પછી તરત મને તે માટે શરમ અનુભવાઈ.મને તરતજ સમજાયું કે મેં ખૂબ ક્રૂર વર્તન કર્યું.

બીજા દિવસે મેં આખી બાબતની ઊંડાણપૂર્વક તપાસ કરી.આ છોકરાઓ છોકરીઓને છેલ્લા છ મહિનાથી પજવતા અને હેરાન કરતા હતા.જયારે હું આખી બાબત ઉપર રીફ્લેકટ કરતી હતી ત્યારે મને મારા હ્રદય પર ભારનો અનુભવ થયો અને મને તે છોકરાઓ પ્રત્યે ખૂબ નફરત પેદા થઇ. આવી પરિસ્થિતિમાં હું તટસ્થતાથી નિર્ણય લઇ શકું તેવી અવસ્થામાં નહોતી.

## Reflecting with a critical friend ( ક્રિટીકલ મિત્ર સાથેનું રીફ્લેક્શન)

આ પરિસ્થિતિમાં મેં મારા ક્રિટીકલ મિત્ર એવા ડૉ.સ્વરૂપને આ ઘટના વિષે ચર્ચા કરવા માટે ફોન કર્યો.તેઓ શાળાના વાતાવરણથી પરિચિત હતા, તેથી મને આશા હતી કે તેઓ મને ચોક્કસ દિશામાં માર્ગદર્શન આપી મને આ પરિસ્થિતિનું નિરાકરણ લાવવા માટે યોગ્ય માર્ગ બતાવશે.

મેં આખી ઘટનાનું વર્ણન તેમની સામે કર્યું.તેના જવાબમાં તેમણે મને સાંત્વના આપી અને એક પ્રશ્ન પુછીને તેના ઉપર વિચાર કરવા કહ્યું.'તેમણે કહ્યુકે હા,ચોક્કસ રીતે આ એક ખરાબ અનુભવ છે, એક સ્ત્રી તરીકે તું એમને નફરત કરે તે સમજી શકાય તેવું છે.પરંતુ તારામાં જે શિક્ષક છે એનું શું? આ ઘટનાને શિક્ષણ અને શીખવા માટેની એક તક તરીકે જો.આ એક સારી તક છે જેનો ઉપયોગ કરીને તું આ વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપીને તેમનામાં એક સારા સમાનુભુતી ધરાવતા વ્યકિતત્વનું ઘડતર કરી શકે છે.તેમજ તેમણે કહ્યુંકે મારી પાસે બે રસ્તા છે. એક જેમાં હું એક શિક્ષક તરીકે વર્તુ. તે બાળકોને શિક્ષણ આપું અને સારા મૂલ્યોનું સિંચન કરુંતેમને તેઓ કઈ જગ્યાએ ખોટા છે તેનો અનુભવ કરાવું.બીજોજેમાં હું સ્ત્રીત્વને મહત્વ આપું, તેમને નફરત કરું, સજા કરું, શાળામાંથી કાઢી મુકું. પરતું મારે અહી એ ના ભૂલવું જોઈએ કે હું તેમને શાળામાંથી કાઢી શકીશ સમાજમાંથી નહિ.જો હું તેમને શાળામાંથી કાઢી મૂકું તો હું સંવેદના રહિત નાગરીકોનું સર્જન કરવામાં ભાગીદાર બનીશ.' હું તેમને નફરત કરું

અથવા મારી જાત ને એક સારા શિક્ષક તરીકે પ્રસ્થાપિત કરી તેમને યોગ્ય શિક્ષણ આપી સારા નાગરિકોનું નિર્માણ કરુ (Personal telephonic conversation with Swaroop (1/12/2018)

ડૉ. સ્વરૂપે મને આ બે રસ્તાઓ બતાવીને કયો રસ્તો પસંદ કરવો તે નિર્ણય મારા પર છોડ્યો.તેમને મારી અંદર રહેલા શિક્ષકને ઢંઢોળ્યો. જેવી રીતે કૃષ્ણ ભગવાન 'ભગવદ ગીતા'તેમના શિષ્ય અર્જુનને સલાહ આપે છે કે

> 'Thus, I have explained to you this knowledge that is more secret than all secrets. Ponder over it deeply, and then do as you wish'(Bhagavad Gita, ch. 18,v 63)

## Project-6 Bridging the Gap; A Reflective transformation of aggravated adolescents (ઉગ્ર સ્વભાવ વાળા કેશોરોનું રીફ્લેકટીવ પરિવર્તન)

મારા રીફ્લેકશનમાં મેં મારા દ્વારા અનુભવાયેલા વિરોધાભાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું જેમાં મેં મારાજ મૂલ્ય ' એક કેરીંગ સમાજનું નિર્માણ કરવું' તેનું ઉલંઘન કર્યું હતું.હું ચર્ચા કરવામાં માનું છું અને છતાંમેં તે છોકરાઓને બોલવાનો મોકો ના આપ્યો.હું કોઈનું અપમાન ના કરવું જોઈએ તેમ માનું છું અને છતાં મેં તે છોકરાઓનું અપમાન કર્યું અને તે છોકરીઓને પણ તેમ કરવા જણાવ્યું.મેં મારી જાતને 'લિવિંગ કોન્ટ્રાડીકશનની'(Whitehead, 2000, p. 93) સ્થિતિમાં અનુભવી.મેં જયારે મારા મુલ્યો સાથે વિરોધા ભાસ અનુભવ્યો ત્યારે મેં એ વાત ધ્યાનમાં રાખી ને મારી જાતમાં બદલાવ લાવવાનું, મારા વ્યવસાય ઉપર પ્રશ્ન કરવાનું નક્કી કર્યું. કારણકે જયારે આપણે આવું કરીએ છીએ ત્યારે આપણે 'આપણા માટે ખૂબજ અગત્યના એવા મુલ્યોને ફરીથી આકાર આપી,ફરીથી શીખી તેનું અસરકારક રીતે પાલન કરવાની સ્થિતિમાં આવીએ છીએ' (Rawal, 2014).

રીફ્લેકટીવ પ્રેકટીસ અને મારી લિવિંગ એજ્યુકેશન થિયરીએ મને સમસ્યાના મૂળ સુંધી પહોંચવામાં મદદ કરી.મને સમજાયુંકે આપણે આપણા વિદ્યાર્થીઓમાં ગમે તેટલા મૂલ્યોનું સિંચન કરીએ પરંતુ અપને તેમની પર થતા તેમના સામાજિકવાતાવરણની તેમના પર થતી અસરને નકારી શકીએ નહિ.આ વિદ્યાર્થીઓ એવા ભારતીય સમાજ – સંસ્કૃતિની વચ્ચે ઉછરતા હતા જેમાં લિંગ ભેદનું ખૂબ દબાણ અને અસર હતી.જે કિશોરોના યોગ્ય વર્તનને ખૂબ અસર કરતી હતી. જેમ જેમ કન્યા અને કુમારના જન્મ દરમાં તફાવત વધતો જતો હતો તેમ તેમ આ દબાણમાં વધારો થતો હતો.જેમજેમ કુમારોનો સંખ્યા દર શાળામાં ઘટતો જતો હતો તેમ તેમ આ દબાણ વધતું હતું.આ તફાવત વધતા કુમારોના પરંપરાગત લિંગ આધારિત ભૂમિકાના વલણ પર ઊંડી અસર પડતી હતી.કન્યાઓ પાસેથી પરંપરા આધારિત ચોક્કસ નિયમ મુજબના વર્તનની અપેક્ષાઓ વધતી જાતિ હતી.આમ, પુરુષોનેસમાજમાંઅલગ આગવું સ્થાનમળેલું છે તેમ છતાં તેઓ એક ચોક્કસ પ્રકારના પુરુષના ઢાંચામાં ગોઠવવા માટે અપેક્ષિત હતા. 'be a man' નામની કહેવતમાં કુમારો માટે કેટલાક પ્રકારના માર્યાદિત વર્તનોની યાદીનો સમાવેશ થતો અને તેવાજ વર્તનની અપેક્ષા તેમના પાસેથી રાખતી હતી.તે યાદીમાં કુમારોને તેમની લાગણીઓ કે નિર્બળતાઓ પ્રદર્શિત કરવાની છૂટ નહોતી. આ પ્રકારની સમાજ વ્યવસ્થા હેઠળ પુરુષો અને સ્ત્રીઓ બંને એ ઉપહાસ,મજાક,અસ્પષ્ટતા તેમજ હિંસાથી બચવા માટે તેમના પોતાના યોગ્ય વર્તન માટે જાગૃત રહેવું ખૂબ જરૂરી છે(Ismail, Shajahan,Sathyanarayana, and Wylie, 2015).

મારા આ કિશોરો પોતાનું આગવું વ્યક્તિત્વ શોધવામાં મથામણ અનુભવતા હતા.આ વિદ્યાર્થીઓના જૂથના આવા નબળા વર્તન માટે સમાનતાના મૂલ્ય અને સમાજમાં તેમના સ્વીકારના મુદ્દે ઉભો થયેલો વિરોધાભાસ જવાબદાર હતો.તેઓ આવી રીતે એટલે વર્તતા હતા કારણકે તેમની વધતી ઉંમર અને કિશોરવસ્થા દરમ્યાન તેમનામાં થતા શારીરિક ફેરફારોને તેઓ યોગ્ય રીતે સમજી શકતા નહોતા(Voelker, Reel, and Greenleaf, 2015).તેઓ વિરોધી લિંગ પ્રત્યે અનિચ્છનીય આકર્ષણ અનુભવતા હતા અને તેને કેવી રીતે સંભાળવું તે તેઓ જાણતા નહોતા.યોગ્ય જાતિય શિક્ષણ અને આધારભૂત માહિતીનો અભાવ,જાતિય ભેદ પ્રત્યે જિજ્ઞાસા, અને સામાજિક અસરો જેવા કારણો તેમના આવા યોગ્ય વર્તન માટે જવાબદાર હતા.આવા સંજોગોમાં જાતિય ભેદ વચ્ચેની જગ્યા પુરવાની જરૂરિયાતે મને આ કિશોરો માટે 'બ્રીજીંગ ધ ગેપ'(BTG)નામનો શૈક્ષણિક કાર્યક્રમ શરુ કરવાની ફરજ પાડી.

'બ્રીજીંગ ધ ગેપ'(BTG) (Katradi,2017)- આ એક રમત આધારિત જાતિય શિક્ષણ આપવા માટે તૈયાર કરેલો શૈક્ષણિક પ્રોજેક્ટ છે. જે કિશોરોને લિંગ ભેદ, ભાષા, જાતપાત, આર્થિક સ્થિતિ જેવા ભેદો અને મર્યાદાઓને તોડવા માટે પડકાર આપે છે.આ કાર્યક્રમ લોકશાહી યુકત વાદ-સંવાદની અધ્યયન પદ્ધતિ, નૃત્ય, અલ્ટીમેટ ફ્રીસ્બી નામની રમત,કળા અને વ્યક્તિત્વ વિકાસના અવસરોના ઉપયોગથી પરિવર્તન લાવનારા અનુભવો પુરા પાડે છે

આ કાર્યક્રમમેં વીસ કિશોરોના જુથ સાથે શરુ કર્યો.આ તે કિશોર અને કિશોરીઓ હતા જેમના વચ્ચે જાતિય ભેદભાવનો અણબનાવ બન્યો હતો. આ કાર્યક્રમ બે ભાગમાં આયોજિત કરેલો હતો, પ્રેક્ટિકલ અને થિયરી.દરેક ભાગ બીજા ચાર નાના ભાગમાં વહેચાયેલો હતો.

1. જાતિ, લિંગ અને રૂઢિગત
2. પ્રજનન સ્વાસ્થ્ય
3. મીડિયા અને લિંગ
4. જાતિ આધારિત હિંસા

આ કાર્યક્રમમાં એવું વાતાવરણ નિર્માણ કર્યું હતું જેમાં થિયરીના ભાગમાં શિખવાડેલા મૂલ્યોનો મહાવરો કરવાનો અનુભવ તરતજ પ્રેક્ટીકલ ભાગમાં મળે.પ્રેક્ટિકલ સેશન દરમ્યાન મારા વિદ્યાર્થીઓ તેમની લાગણીઓ જેવી કે વિજાતિય આકર્ષણ,વિજાતિય જાતિ સાથે પ્રત્યાયનમાં અગવડતાને યોગ્ય રીતે સંભાળવામાં મુશ્કેલી અનુભવતા હતા.તેઓને વિજાતિય સાથે હાથ મેળવવામાં અડવામાં વગેરે બાબતોમાં અજંપો અનુભવાતો હતો. ધીમે ધીમે શિક્ષકનાં માર્ગદર્શનની મદદથી અને નાની નાની યુક્તિઓ દ્વારા તેમનો આ અજંપો દુર થયો અને વિજાતિ સાથે સામાન્ય વર્તન કરવા લાગ્યા.આ આખી પ્રક્રિયાની મદદથી તેઓ તેમને સામાજિક - રૂઢિગત  માન્યતાઓ, પરમ્પરાઓ અને રિવાજોથી મુક્ત કરી શક્યા.

અલ્ટીમેટ ફ્રીસ્બી નામની રમતમાં એક રસપ્રદ ભાગ છે જેનું નામ 'સ્પીરીટ સર્કલ' છે.રમત પૂરી થયા બાદ બંને ટુકડીઓ એક બીજા સાથે હળીમળીને એક સર્કલમાં બેસે અને આખી રમત પર રીફ્લેકટ કરીને એકબીજાને રમત અંગેના પ્રતિભાવો આપે. આ રિવાજે એક આઈસ બ્રેકર તરીકેનું કામ કર્યું.તેના કારણે આ વિદ્યાર્થીઓના મનમાં જાતિય સમાનતાના બીજ રોપાયા.આ આખા કાર્યક્રમ દરમ્યાન અમે બધાએ પોતાના મુલ્યો જેવાકે; પ્રમાણિકતા,ખુલ્લી માનસિકતા,આદર, બીજાની સેવાવગેરે ઉપર મુક્ત મને ચર્ચાઓ કરી. આ ચર્ચાઓના કારણે આમારામાં રહેલો નફરતનો ભાવ પ્રેમમાં ફેરવાયો. અમે એકબીજાને સમાન અને મિત્રો માનતા થયા.મેં આ કાર્યક્રમ માટે પહેલા અને પછી પ્રશ્નોત્તરી આપી હતી જેનાથી વિદ્યાર્થીઓની સમજણમાં કેટલું પરિવર્તન આવ્યું તે જાણી શકાય.તેના આધારે મને આ વિદ્યાર્થીઓની જાતિય શિક્ષણની સમાજમાં હકારાત્મક સુધારો જણાયો.

સૌથી મહત્વની બાબત એ છે કે આ કાર્યક્રમના અંતે હું તેમની આચાર્ય મટીને  ખૂબ જ સારી મિત્ર બની ગઈ.હવે તેઓ તેમને સજા કરવા પાછળનો મારો મુખ્ય ઉદ્દેશ્ય સમજી ગયા હતા.તેમનો મારા પ્રત્યેનો અણગમો હવે પ્રેમ અને આદરભાવમાં પરિવર્તિત થઇ ગયો હતો.આ આખો પ્રોજેક્ટ શાળાના અન્ય શિક્ષકો માટે એક માઈલ સ્ટોન સમાન પાઠમાં પરિણમ્યો હતો



Image 20: Outdoor frisbee session



Image 21: Girls and boys playing together



Image 21: The last day at a potluck party



Image 23: I and my adolescent students become good friends

## Conclusion:

.આ આખ યત્ર વર ૨૦૧૫મ શર થઇ હત અન મચ ય ૨૦૨૦ સધીમ ત આખ શળ એક ખશ પસ્રવ રમ બદલ ઈ ગઈ હત .મર ' રફ્લેક  ટ,એક એન ઇમન' ણ્લવવગ એજ્યુકેશન વ્થયર એ મન હમશા પ્રેરિ અિઆપ છ. મન  રફ્લેકટ વ પ્રેકટ સમ રહલી તકતન અનભવ થય જા દ્વ સમ જમ વ્શક્ષ અન વ્દ્ય   ઓન આદર   ય છબ ઉપસ અન તમન એક જજ રસ્રુત જન મળ્યું.



**Video. 2 https://youtu.be/2ZYK-XJ4NN0 A happy school and a girl who has transformed through the process of the'culture of reflection' from 2014 to 2019**

આ સફળતા મેળવવા મારે મારા મુલ્યોનું પાલન કરવા માટે અથાક પ્રયત્નો કરવા પડ્યા. જો મે મારા મુલ્યોને અવગણીને ફક્ત મારી આચાર્ય તરીકેની વહીવટી જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હોત તો એક સફળ આચાર્ય બનવું મારા માટે ખૂબ સહેલું થઇ જાત.આ યાત્રા દરમિયાન મને સમજાયુંકે વ્યવસાયિક વાતાવરણમાં પોતાના મૂલ્યોનું પાલન કરવા માટે ખૂબ શક્તિની જરૂર પડે છે.આ ખાસ કરીને એવા સંજોગો માટે વધારે ઉચિત થાય છે જયારે મેં મારા સાથી શિક્ષકોને લોકશાહી યુક્ત વાતાવરણ પૂરું પાડ્યું.શરૂઆતમાં તેઓ લોકશાહીના મુલ્યનું મહત્વ સમજીના શક્યા.જયારે મેં તેમને તે સમજવા માટે સક્ષમ બનાવ્યા કે લોકશાહીની પ્રક્રિયામાં તેમની ભૂમિકા અગત્યની છે, ત્યારે તેઓ ધીમે ધીમે સ્વચ્છંદતા અને અતિવિશ્વાસ તરફ ઢળવા લાગ્યા.અજાણતા જ તેઓ લોકશાહીમાંથી સ્વતંત્રતામાં સરી પડ્યા. મેં અવલોકન કર્યુંકે તેઓ મૂલ્ય આધારિત નેતૃત્વ અને સ્વતંત્રતા વચ્ચેની પાતળી ભેદરેખાને સમજી ના શક્યા (Aron, 2007, pg. 36-50).

મારા દેશના પછાત અને ગ્રામીણ વિસ્તારના ગરીબ બાળકો અને નાગરિકો સાથે કામ કરતા કરતા મને અનુભવાયુંકે લોકો લોકશાહીનું પાલન કરે છે કારણકે તે દરેક વ્યક્તિના મહત્વને માન સન્માન આપે છે.પરંતુ, જયારે જવાબદારી, પારદર્શિતા અને ફરજની વાત આવે ત્યારે તેમેણ લોકશાહીનું પાલન કરવું ગમતું નથી.કારણકે તેમનામાં અમર્યાદિત હકો વિશે ગેરસમજ ફેલાયેલી છે.મારી સમજ મુજબ લોકશાહીના વાતાવરણમાં હક અને ફરજો એ એક સિક્કાની બે બાજુ છે અને તે એક સાથે જ આવે.પરંતુ મારા દેશમાં મેં ઘણા લોકો જોયા છે જેનું તેઓ ખોટું અર્થઘટન કરે છે અને સમજે છે કે લોકશાહી એટલે જવાબદારી વગરની સ્વતંત્રતા.આવા સંજોગોમાં મેં મારી મુલ્યોને જીવવાની આશા છોડીને તેને બાજુ પર મુકવાનો વિચાર કરી લીધો હતો.તે પછી મારા જીવન કૌશલ્યના શિક્ષણ,તાલીમ અને રીફ્લેકટીવ પ્રેક્ટીસે મારામાં આશાનો સંચાર કર્યો.આ આશાના કીરણે મને મારા વિરોધાભાસોને નકારીને મારા મુલ્યો અને લિવિંગ એજ્યુકેશન થિયરીને અસરકારક રીતે જીવવા માટે હકારાત્મક શક્તિ સાથે પાછી વાળી.

પાંચ વર્ષ પછી, આજે મને મારી શાળાના વાતાવરણમાં આની અદભૂત અસર દેખાય છે.માંત્ર હુ નહિ શાળા, સમાજ, અને શાળાના કાયમી મુલાકાતીઓને પણ આ બદલાવ દેખાય છે.હવે લવાડ પ્રાથમિક શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને શીખનારની ભૂમિકામાં છે. શિક્ષકો બાળકોને માત્ર સરકારી કામ તરીકે નહિ પણ તેમના પ્રત્યેના પ્રેમના કારણે ભણાવે છે.આ જ રીતે વિદ્યાર્થીઓ શીખવા માટે ભણે છે પરીક્ષામાં પાસ થવા માટે નહિ.

મુલાકાતીઓને શાળાનું લોકશાહી વાતાવરણ તરત ધ્યાને ચઢે છે.જેમાં બધાજ પ્રશ્નો પૂછવા,તેમના સંશયો અને લાગણીઓ પ્રદર્શિત કરવા, અને ભય રહિત થઈને રીફ્લેક્શન શેર કરવામાં અનુકુળતા અનુભવે છે.શિક્ષકો એવી સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરીને ભણાવે છે જે બાળકોને ભણવા માટે પ્રેરણા આપે.ટૂંકમાં શાળાનો દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા એવી રીતે ભજવે છે કે જેથી શાળામાં આનંદભર્યું શૈક્ષણિક વાતાવરણ સર્જાય.

આ બદલાવે મને આ પેપર લખવા માટે પ્રેરણા આપી.જેમાં મેં અનુભવ્યું અને જોયું કે 'રીફ્લેક્શનની સંસ્કૃતિનું નિર્માણ' અને મારી લિવિંગ એજ્યુકેશન થિયરીએ મારી યાત્રાને ખૂબ અસરકારક બનાવી છે.આ એ યાત્રા છે જેણે મારી શાળાને જ્ઞાન ઉપાર્જિત કરવા અને એક સાથે વિકાસ કરવા માટે સક્ષમ બનાવી છે. હું ઇચ્છુ કે વાચક પણ આ પેપર વાંચતી વખતે આજ પ્રકારની લાગણી અનુભવે.

# References

Anderson, L. W., Krathwohl, D. R. (2001). *A taxonomy for learning, teaching, and assessing: Arevision of Bloom's taxonomy of educational objectives*. New York: Longman.

Bhagavad Gita (n.d.). Retrieved 25 June 2020 from https://asitis.com/%20November%2021,%202018

Boud, D. Keogh, R., & Walker, D. (1985). Promoting reflection in learning: A model. In D. Boud, R. Keogh, & D. Walker, *Reflection: Turning experience into learning* (pp. 18–40). London: Kogan Page.

Buchko, A. (2007). The effect of leadership on values-based management. *Leadership & Organization Development Journal*. 28, pp. 36-50. Retrieved November 12 2020, from https://www.emerald.com/insight/content/doi/10.1108/01437730710718236/full/html

Desalegn, Anteneh & Berhan, Asres. (2014). Cheating in examinations and its predictors among undergraduate students at Hawassa University College of Medicine and Health Science, Hawassa, Ethiopia. *BMC medical education* [online]. 14(89). Retrieved June 25 2020 from https://bmcmededuc.biomedcentral.com/articles/10.1186/1472-6920-14-89

Farfan, B. (2019). Fun and Inspirational Oprah Winfrey Quotes. *The Balance Small Business*. Retrieved August 27 2020 from https://www.thebalancesmb.com/fun-oprahwinfrey-quotes- 2892514

Freire, P. (1970). *Pedagogy of the Oppressed*. New York: Continuum.
Ghaye, A. and Ghaye, K. (1998). *Teaching and Learning through Critical Reflective Practice*. London: David Fulton Publishers.

Ismail, S., Shajahan, A., Sathyanarayana Rao, T. S., and Wylie, K. (2015). Adolescent sex education in India: Current perspectives. *Indian journal of psychiatry*, 57(4), pp. 333–337. Retrieved December 15 2020 from https://doi.org/10.4103/0019-5545.171843

Katradi (2017). *Bridging the Gaps*. Retrieved May 21 2020 from http://katradi.org/Bridging-Gaps-Youth-Camps.html

Lieberman, A. & Miller, L., 2000. Teaching and Teacher Development: A New Synthesis for A New Century. Education in a New Era, Brandt. Retrieved 1 July 2020 from https://wiki.sugarlabs.org/images/7/76/Lieberman2000ch.3.pdf

Leo A., and Diego, B. (2017). Friends with Benefits: Causes and Effects of Learners' Cheating Practices during Examination, Roxas National Comprehensive High School, Philippines, Retrieved June 26 2017 from https://files.eric.ed.gov/fulltext/EJ1156266.pdf

Mehra, A., Bali, U. and Arora, N. (2012). Quality of Primary Education in India: An Inter-state Perspective. *Journal of Social Science Research*. 2, pp. 91–101.

NEP (1986). *National Education Policy 1986.* Retrieved October 8 2020 from https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/upload_document/npe.Pdf

Nguyen, Q. D. (2015). What is reflection? A conceptual analysis of major definitions and a proposal of a five-component definition and model. *Medical Education*. 48(12), pp. 1176–1189.

Oxford Online Dictionary (2020). Retrieved 7 November 2020 from https://dictionary.cambridge.org/dictionary/english/culture

Parekh, N. (2016). A journey in learning: My reflective account. *Educational Journal of Living Theories,* 9(1), pp. 29–57. Retrieved June 21 2020 from https://ejolts.net/node/271
Philip, A. (2017). *Academic Integrity and Cheating: Why is it wrong to cheat?* Paper presented at The CUNY-Wide Conference on Academic Integrity at Eugenio María de Hostos Community College, Queensborough Community College, CUNY. Retrieved June 5 2020 from https://www.qcc.cuny.edu/SocialSciences/ppecorino/Academic-Integrity-cheating.html

Ramachandran, V. (2018). *What Facilitates Successful Primary School Competition? The Enigma of Equity and Quality*. DOI: 10.4324/9780429490804-9. Retrieved November 7.12.2020 fromhttps://www.researchgate.net/publication/331309802_What_Facilitates_Successful

_Primary_S chool_Competition_The_Enigma_of_Equity_and_Quality

Ramachandran, V. (2018a). *What it Means to be a Dalit or Tribal Child in Our Schools: The Enigma of Equity and Quality*. DOI: 10.4324/9780429490804-10. Retrieved November 7 2020 fromhttps://www.researchgate.net/publication/331307182_What_it_Means_to_be_a_Dalit_or_Tribal_Child_in_Our_Schools_The_Enigma_of_Equity_and_Quality

Rawal, S. (2006). *The Role Of Drama In Enhancing Life Skills In Children With Specific Learning Difficulties In A Mumbai School: My Reflective Account*. Retrieved May 4 2020 from https://www.actionresearch.net/living/rawal.shtml

Rawal, S. (2014) *Making Magic*… Educational Journal of Living Theories Volume 7(1): 53- 82 www.ejolts.net ISSN 2009-1788

Rawal, S. (2018). *An Interface: How do I Overcome Challenges to Justify and Communicate Claims to my Educational Knowledge?* Retrieved June 28 2020 from https://ejolts.net/biblio?s=author&f%5Bag%5D=R

Rawal, S (@YoSwaroop) (2020). Day 7 #LifeSkillChallenge #Lockdown2 #onlinelearning Retrieved June 23 2020 from https://twitter.com/YoSwaroop/status/1252564749146943489

Rettinger, D.A., Kramer, Y. Situational and Personal Causes of Student Cheating. *Res High Educ* **50,** 293–313 (2009). https://doi.org/10.1007/s11162-008-9116-5

Senge, P. (1999). *The fifth discipline: the art & practice of the learning organi*zation. London, UK: Random House.

Taradi S, Taradi M, and Dogas, Z. (2012). Croatian medical students see academic dishonesty as an acceptable behaviour: a cross-sectional multicampus study. *Journal of Medical Ethics*, 38, pp**.** 376–379. Retrieved June 25 2020 from https://jme.bmj.com/content/38/6/376

The Gujarat Elementary Education Rules (2010). Retrieved May 20 2020 from http://righttoeducation.in/sites/default/files/The%20Gujarat%20Elementary%20Education%20Rul es%2C%202010.pdf

Voelker, D. K., Reel, J. J. and Greenleaf, C. (2015). Weight status and body image perceptions in adolescents: current perspectives. *Adolescent health, medicine, and therapeutics*. 6, pp. 149–158. Retrieved November 7 2020 from https://doi.org/10.2147/AHMT.S68344

Whitehead, J. (1989). Creating a living educational theory from questions of the kind, 'How do I Improve my Practice?' *Cambridge Journal of Education*. 19, pp. 41–52.

Whitehead, J. (1998). *Educational Action Researchers Creating their Own Living Educational Theories.* Paper Presented to the Action Research SIG Session, AERA, San Diego, 13–17 April. Retrieved May 5 2020 from https://www.actionresearch.net/

Whitehead, J. (2000). How do I improve my practice? Creating and legitimating an epistemology of practice. *Reflective Practice*. 1, pp. 91–104. Retrieved November 7 2020 from https://www.actionresearch.net/writings/jack/jwbera11dr040911opt.pdf

Whitehead, J. (2009). Commentary self-study, living educational theories, and the generation of educational knowledge. *Studying Teacher Education*. 5(2), pp. 107–111.

Whitehead, J. (2011*). Developing a relationally-dynamic epistemology for educational knowledge*. Paper presented at the British Educational Research Association Annual Conference at the Institute of Education of the University of London. Retrieved November 7 2020 from https://www.actionresearch.net/writings/jack/jwbera11dr040911opt.pdf

Whitehead, Jack & Huxtable, Marie. (2013). Living educational theory research as transformational continuing professional development. Gifted Education International. 29. 221-226. 10.1177/0261429412467103.

Whitehead, J. (2014). Review of Jacqueline Elizabeth (Liz) Wolvaardt's Ph.D. thesis, 'Over the conceptual horizon of public health, A living theory of teaching undergraduate medical students', *Educational Journal of Living Theories* [online] 7(1), pp. 129–130. Retrieved November 7 2020 from https://ejolts.net/node/240

Whitehead, J. (2018). *Living theory research as a way of life*. Bath: Brown Dog Books.

Wilkinson, R., and Pickett, K. (2009). *The Spirit Level: why more equal societies almost always do better*. London: Allen Lane.

Winter, R., Buck, A., and Sobiechowska, P. (1999). *Professional Experience and the Investigative Imagination: the Art of Reflective Writing*. London: Routledge.

Yang, S. H. (2009). Using Blogs To Enhance Critical Reflection and Community of Practice. Educational Technology and Society. 12(2), pp. 11–21.